RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 308* Date: 05.09.2020 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ચીન સાથેના તણાવ વચ્ચે નરવાણેએ લદ્દાખમાં સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરી

# LAC પર સ્થિતિ તણાવભરી, સેના દરેક પડકાર માટે તૈયાર: આર્મી ચીફ

**ભારતીય સેના દુનિયામાં સૌથી શ્રેષ્ઠ, ન માત્ર સેનાને ગર્વ કરાવશે પરંતુ દેશને પણ ગર્વ થશે, રાજકીય સ્તર પર ચીનની સાથે વાતચીત ચાલુ**



*ન્યુ દિલ્હી,તા.૪*

આર્મી ચીફ મનોજ મુકુંદ નરવાણેએ કહ્યું કે, LAC પર છેલ્લા ત્રણ મહીનાથી હાલાત ખરાબ છે, પરંતુ જવાનોનો મનોબળ વધ્યો છે અને તે કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર છે. તેમણે કહ્યું કે, LAC પર જે હાલાત છે તે નાજુક અને ગંભીર છે, પરંતુ અમે સતત તેના વિશે વિચાર કરી રહ્યા છીએ. સુરક્ષા માટે અમે અમુક પગલાઓ પણ ભર્યા છે. મને આશા છે કે, આપણે જે તૈનાતી કરી છે, તેઓ આપણી સુરક્ષા કાયમ રાખશે.

ભારતીય સેના પ્રમુખ મનોજ મુકુંદ નરવાણએ આ સમયે લદ્દાખના પ્રવાસે છે અને ત્યાં પર સેનાની તૈયારીઓની સમીક્ષા કરવા પહોંચ્યા છે. સેના પ્રમુખે કહ્યું કે, ભારતીય સેના અધિકારી અને સૈનિક પુરી દુનિયામાં સૌથી શ્રેષ્ઠ છે અને ન માત્ર સેનાને ગર્વ કરાવશે પરંતુ દેશને પણ ગર્વ થશે. સેના પ્રમુખે કહ્યું કે, છેલ્લા ૨-૩ મહીનાથી તણાવ વધ્યો છે, પરંતુ અમે સૈનિકો અને રાજકીય સ્તર પર સતત ચીનની સાથે વાત કરી રહ્યા છીએ.

સેના પ્રમુખે કહ્યું કે, ચીનની સાથે સૈનિક અને રાજકીય સ્તરની વાતચીત શરૂ છે અને આગળ પણ ચાલતી રહેશે. વધુમાં જણાવીએ તો આર્મી ચીફ નરવાણેએ પૂર્વી લદ્દાખ વિસ્તારમાં સુરક્ષાની સ્થિતિ પર સમીક્ષા કરી હતી. તેમનો આ પ્રવાસ પેંગોંગ નદીના દક્ષિણી તટીય વિસ્તારની આસપાસ સ્થિતિને બદલવાના ચીનની નવી રીતના થોડા દિવસો બાદનો છે. સેન્ય સૂત્રોએ આ માહિતી આપી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, લદ્દાખના બે દિવસીય પ્રવાસના પહેલા દિવસે નરવાણેએ ક્ષેત્રમાં બનતી સ્થિતિ પર શીર્ષ કમાન્ડરો સાથે બેઠક કરી હતી. તેમણે કોઈ પણ અપ્રિય સ્થિતિ બનવા પર તેને કઈ રીતે કાબુમાં લેવી અને ભારતની સંપૂર્ણ લડાકુ તૈયારીઓનું પણ આકલન કર્યું હતું. સેના પ્રમુખના એક પ્રમુખ અગ્રિમ ક્ષેત્રનો પણ પ્રવાસ કર્યો જયાં તેમણે મોટી સંખ્યામાં સૈનિકો સાથે વાતચીત કરી હતી.

ચીનની પીપુલ્સ લિબરેશન આર્મી (પીએલએ) ભારતીય વિસ્તારોમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહી છે. તો બંને દેશોના લશ્કરી પ્રતિનિધિઓ તણાવ ઘટાડવા માટે વાતચીત કરી રહ્યા છે. તાજેતરમાં જ ચીને પેંગોંગ ત્સોમાં યથાસ્થિતિને બદલતા ઉશ્કેરણીજનક ઘુસણખોરી કરી હતી, ત્યારબાદ ભારતીય સૈનિકોએ પણ કાર્યવાહી કરી હતી. આ પહેલા ૨૯-૩૦ ઓગસ્ટની રાત્રે ચીનની સેનાના સૈનિકોએ પૈંગોન્ગ જીલના દક્ષિણી પર્વત પર કબ્જો મેળવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતીય સેનાના જવાનોએ ચીનના આ પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. ત્યારબાદ ચીનના સૈનિકોએ ૧ સપ્ટેમ્બરે પણ ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો, પણ ચીનની સેના ત્યારે પણ નિષ્ફળ રહી હતી. આ દરમિયાન ભારતીય સેનાએ વિવાદિત ક્ષેત્ર પર કબ્જો કરી પોતાનો દબદબો બનાવ્યો છે.

### વડાપ્રધાને આઈપીએસ પ્રોબેશનર્સ સાથે વાતચીત કરી

## પોલીસ અધિકારીઓ સિંઘમ ના બને, પ્રેમનો સેતુ જોડે: મોદી



*ન્યુ દિલ્હી,તા.૪*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારના રોજ આઈપીએસ પ્રોબેશનર્સ સાથે વાત કરી. દેશની સેવામાં સામેલ થવા જઈ રહેલા આ અધિકારીઓને પીએમ મોદીએ ટ્રેનિંગ પ્રક્રિયાથી લઈને લોકતંત્ર અને યોગ સુધીનું મહત્વ સમજાવ્યું. આ દરમ્યાન તેમણે ટ્રેની અધિકારીઓ સાથે સંવાદ પણ કર્યો. તેમણે આ અધિકારીઓને 'સિંઘમ' બનવાની ના પાડી અને કહ્યું કે 'પ્રેમનો સેતુ' જોડો. પીએમ મોદીએ બિહાર કેડરના ટ્રેની આઈપીએસ તનુશ્રીને મજેદાર અંદાજમાં ટેક્સટાઈલ અને ટેરરનો ફરક પણ સમજાવ્યો.

તનુશ્રી એ પીએમ મોદીને કહ્યું કે તેઓ બિહારથી છે અને ગાંધીનગરથી ટેક્સટાઈલ ડિઝાઈનમાં સ્નાતકની ડિગ્રી લીધી છે. તેના પર પીએમ મોદીએ કહ્યું કે તમે પણ ગુજરાત જઈને આવ્યા છો. પછી તેમણે પૂછયું કે ટેકસટાઈલ અને ટેરરપકેવી રીતે પસાર કરશો? તેના પર તનુશ્રી એ કહ્યું કે તેમને બહુ સરસ ટ્રેનિંગ મળી છે. ત્યારે પીએમ મોદીએ સમજાવતા કહ્યું કે જુઓ ટેક્સટાઈલમાં દોરા જોડવાના હોય છે ટેરરમાં દોરા તોડવાના હોય છે. તો તમારે અલગ-અલગ પ્રકારના કામ કરવા પડશે. પીએમ મોદીએ ટ્રેની અધિકારીઓને કહ્યું કે તેઓ ફિલ્મ જોઈને જતા વેંત રોફ જમાવાની કોશિષ ના કરો. પીએમે કહ્યું કે કેટલાંક પોલીસવાળા જ્યારે પહેલાં ડ્યૂટી પર જાય છે તો તેમને લાગે છે કે પહેલાં હું મારો રોફ દેખાડી દઉં, લોકોને હું ડરાવી દઉં. હું લોકોમાં મારો એક હૂકુમ છોડી દઉ અને જે એન્ટી સોશિયલ એલિમેંટ છે તે તો મારા નામથી જ કાંપવા જોઈએ. આ લોકો જે સિંઘમવાળી ફિલ્મો જોઈને મોટા બને છે તેમના મગજમાં એ રાઈ ભરાઈ જાય છે અને તેના લીધે કરવાવાળા કામ છૂટી જાય છે.

મોદીએ કહ્યું કે સામાન્ય માનવી પર પ્રભાવ પાડવો છે કે સામાન્ય માનવીમાં પ્રેમનો સેતુ જોડવો છે એ નક્કી કરી લેજો. જો તમે પ્રભાવ ઉભો કરશો તો તેની ઉંમર બહુ ઓછી હોય છે પરંતુ પ્રેમનો સેતુ જોડશો તો તમે રિટાયર થશો ત્યારે પણ જ્યાં તમારી પહેલી ડ્યૂટી રહી હશે ત્યાંના લોકો તમને યાદ કરશે કે ૨૦ વર્ષ પહેલાં આવો એક નવજવાન ઓફિસર આવ્યો હતો જે અમારી ભાષા તો નહોતો જાણતો પરંતુ તેણે પોતાના વ્યવહારથી લોકોના દિલ જીતી લીધા હતા. તમે એકવાર સામાન્ય માણસના દિલને જીતી લેશે તો તેનો દ્રષ્ટિકોણ આપોઆપ બદલાઈ જશે.

### દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૩૯ લાખને પાર, મૃત્યુઆંક ૬૮,૪૦૦થી વધુ

## છેલ્લા ૨૪ કલાકમાં નવા ૮૩,૩૪૧ પોઝિટિવ કોરોનાના કેસ



*ન્યુ દિલ્હી,તા.૪*

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ જે ગતીથી ફેલાઈ રહ્યું છે તે જોઈને લાગી રહ્યું છે કે કોરોના વાયરસના સૌથી વધારે કેસના મામલામાં આગામી થોડા જ દિવસોમાં બ્રાઝીલને પાછળ છોડીને ભારત વિશ્વનો બીજા નંબરનો સૌથી વધુ સંક્રમિતો ધરાવતો દેશ બની જશે. દેશમાં પરિસ્થિતિ એટલી વણસી ગઈ છે કે અત્યારે દર એક મિનિટમાં કોરોનાના ૫૭ થી વધારે કેસ નોંધાઈ રહ્યા છે જ્યારે દર એક કલાકે ૪૫થી વધારે લોકો પોતાના અંતિમ શ્વાસ ભરી રહ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૮૩૩૪૧ કેસ નોંધાતા સંક્રમિતોનો કુલ આંકડો ૩૯૩૬૭૪૭ સુધી પહોંચી ગયો છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધરી રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૬૬૫૯ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે.

**છેલ્લા ૨૪ કલાકમાં દર મિનિટે ૫૭થી વધારે નવા કેસ અને દર કલાકે ૪૫થી વધુના મોત**

આ સાથે જ આ આંકડો વધીને ૩૦૩૭૧૫૧ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૯૬ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૬૮૪૭૨ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શુક્રવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૮૩૧૧૨૪ એક્ટિવ કેસ છે.

ઈન્ડિયાન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ ગઈ કાલ સુધીમાં દેશમાં કુલ ૪,૬૬,૭૯,૧૪૫ નમૂનાનું પરીક્ષણ થયું છે. જેમાંથી ૧૧,૬૯,૭૬૫ સેમ્પલનું ટેસ્ટિંગ હાથ ધરાયું હતું જેમાંથી ૮૩,૩૪૧ કેસ પોઝિટિવ નીકળ્યાં. આ બાજુ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયએ પણ કહ્યું હતુ કે દેશમાં કોવિડ ૧૯ના કેસ શોધવા માટે બુધવારે રેકોર્ડ સંખ્યામાં નમૂનાની તપાસ કરવામાં આવી. આ સાથે જ વિશ્વમાં દરરોજ સૌથી તપાસ કરનાર દેશોમાં ભારત પણ સામેલ છે. ગુરુવારે પણ વધુ પ્રમાણમાં સેમ્પલ ટેસ્ટિંગ હાથ ધરાયા હતાં.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૬૩૦૪૨૭૧ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૮૬૮૭૨૬ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૧૭૫૧૨૪૧૦ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૭૯૨૩૧૩૫ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૩૨૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૦૧૬૯૫**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૪**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૨૧૮**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૨૪૯૮**

### ૧૩ સપ્ટેમ્બરે જ યોજાશે નીટની પરીક્ષા

## NEET-JEE પરીક્ષાને સુપ્રીમની લીલીઝંડી, ૭ રાજ્યોની પુનર્વિચાર અરજી ફગાવી

*ન્યુ દિલ્હી,તા.૪*

કોરોના સંકટકાળમાં નીટ-યુજી અને જેઈઈની પરીક્ષા કરાવવાના ચુકાદાનુ સુપ્રીમ કોર્ટે સમર્થન કર્યુ હતુ અને પરીક્ષા કરાવવાના પક્ષમાં ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના આ ચુકાદા બાદ ૬ રાજયોના કેબિનેટ મંત્રીઓએ સુપ્રીમ કોર્ટમાં ચુકાદા વિશે પુનર્વિચાર અરજી દાખલ કરી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે આ અરજીને ફગાવી દીધી છે. તમને જણાવી દઈએ કે ૬ રાજયોના કેબિનેટ મંત્રીઓ તરફથી સુપ્રીમ કોર્ટના ચુકાદા પર પુનર્વિચાર અરજી સુપ્રીમ કોર્ટમાં ૧૭ ઓગસ્ટે અરજી દાખલ કરવામાં આવી હતી જેને કોર્ટે ફગાવી દીધી છે. તમને જણાવી દઈએ કે પંજાબ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, છત્તીસગઢ અને મહારાષ્ટ્ર તરફથી સુપ્રીમ કોર્ટમાં પુનર્વિચાર અરજી દાખલ કરવામાં આવી હતી. આ રાજ્યોએ સુપ્રીમ કોર્ટમાં પુનર્વિચાર અરજી દાખલ કરીને નીટ-જેઈઈ પરીક્ષાના આયોજન પર ચિંતા વ્યક્ત કરી હતી. તમને જણાવી દઈએ કે રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી(NTA) નીટ-જેઈઈ પરીક્ષાઓનુ આયોજન કરે છે. રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી જેઈઈનુ આયોજન ૧થી ૬ સપ્ટેમ્બર સુધી કરી રહી છે જયારે નીટની પરીક્ષાનુ આયોજન ૧૩ સપ્ટેમ્બરના રોજ થશે. સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ અશોક ભૂષણ, ન્યાયમૂર્તિ બી આર ગવઈ અને ન્યાયમૂર્તિ કૃષ્ણ મુરારની ખંડપીઠે આ પુનર્વિચાર અરજીને આજે ફગાવી દીધી. તમને જણાવી દઈએ કે સર્વોચ્ચ અદાલતના ૧૭ ઓગસ્ટના પોતાના આદેશમાં પરીક્ષાઓના આયોજનને લીલી ઝંડી આપી દીધી હતી ત્યારબાદ આ રાજકીય મુદ્દો બની ગયો. બિન ભાજપ રાજ્યોએ આના પર પુનર્વિચાર માટે અરજી દાખલ કરી છે.

### ચીન સાથે તણાવ વચ્ચે ભારતે રશિયા સાથે કરી ઘાતક રાઈફલોની ડીલ

## ભારતમાં બનશે એકે-૨૦૩ રાઈફલ: રશિયા સાથે મહત્ત્વપૂર્ણ સમજૂતી

*મૉસ્કો/ન્યુ દિલ્હી,તા.૪*

ભારત અને રશિયા વચ્ચે AK 203 રાઈફલની ખરીદી માટે ડીલ થઈ ગઈ છે. રક્ષામંત્રી રાજનાથ સિંહના મોસ્કો પ્રવાસ દરમિયાન આ ડીલ પર મહોર લાગી ગઈ છે. AK 203 રાઈફલ AK-47નું એડવાન્સ્ડ વર્ઝન છે. ભારતીય સેનાને ૭ લાખ ૭૦ હજાર AK 203 રાઈફલની જરૂરિયાત છે. જેમાંથી એક લાખ AK 203 રાઈફલો રશિયાથી આયાત કરાશે.

છેલ્લા ૭૦ વર્ષથી એકે ૪૭ એટલે કે ઓટોમેટિક કલાશ્નિકોવ દુનિયાનું સૌથી જાણીતુ હથિયાર છે. એકે સીરિઝની રાઈફલો ચલાવવામાં સરળ છે અને તેને તૈયાર અને ફાયર કરવામાં ખુબ જ ઓછો સમય લાગે છે તથા સેંકડો મીટર દૂર સુધી તેની ગોળીઓ ઘાતક હુમલો કરી શકે છે.

Kalashnikov રાઈફલનું નિશાન અચૂક હોય છે અને અટક્યા વગર સતત ફાયરિંગ કરવાની કાબેલિયતના કારણે દરેક સૈનિકનું ભરોસાપાત્ર હથિયાર બને છે. જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ વિરુદ્ધ લડાઈમાં પણ ભારતીય સુરક્ષાદળોની પહેલી પસંદ એકે ૪૭ રાઈફલ રહી છે. ભારતીય સેનાના એન્ટી ટેરર ફોર્સ રાષ્ટ્રીય રાઈફલ્સના ઝંડામાં પણ એકે ૪૭ને જગ્યા અપાઈ છે.

ભારતીય સેનાઓને વધુ ઘાતક બનાવવા માટે હવે નવા હથિયારોથી લેસ કરવામાં આવી રહી છે. આ માટે ૪૭ રાઈફલોને રિપ્લેસ કરીને વધુ આધુનિક ૨૦૩ રાઈફલ આપવા પર કામ ચાલુ છે.

Kalashnikov કંપનીના ટેક્નોલોજી વિશેષજ્ઞ મિખાઈલ જણાવે છે કે આ રાઈફલ પહેલા કરતા વધુ આધુનિક અને નવા જમાના પ્રમાણે બનાવવામાં આવેલી રાઈફલ છે. AK-203 રાઈફલ પર પહેલાની AK-૪૭ રાઈફલોની જેમ ભરોસો થઈ શકે છે. ખુબ જ જરૂરી હોય છે કે એક સૈનિક પોતાના હથિયાર પર સંપૂર્ણ ભરોસો કરી શકે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોના મહામારી સમયમા લોકોનું મહત્વ નહીં પરંતુ રાજકીય ક્ષેત્રે સ્વાર્થનુ મહત્વ કેમ....?

કોરોના મહામારીના દોરમાં આરોગ્ય મંત્રાલયે કરેલા સૂચનો કે વડાપ્રધાને કોરોનાથી બચવા માટેના અનલોકની જાહેરાત દરમિયાન કરેલા સૂચનોનો અમલ દેશભરમાં લોકો કરવા લાગ્યા ત્યારે બીજી તરફ કોરોનાથી બચવાના નિયમોનું સદંતર ઉલંઘન રાજકીય પક્ષના નેતાઓ અને કાર્યકરોએ શરૂ કરી દીધું......! જેમાં વડાપ્રધાનશ્રીના કોરોના સંબંધિત સુચનોનુ સરેઆમ ઉલંઘન ભાજપાના સાંસદો,વિવિધ રાજ્યોના ધારાસભ્યો, પ્રદેશ સ્તરના નાના મોટા નેતાઓ અને કાર્યકરોએ સંગઠન પ્રવાસ, ચૂંટણી અનુસંધાને બેઠકો, સ્વાગત સમારંભો તથા રેલીઓ કે અન્ય કાર્યક્રમો યોજીને કરવામાં આવી રહ્યું છે.... પરિણામે કેટલાક સાંસદો વિવિધ રાજ્યના ધારાસભ્યો અને જેલ્લા સ્તરના નાના- મોટા નેતાઓ અને કાર્યકરો કોરોનાની ચપેટમાં આવી ગયા..... પરંતુ રાજકીય ક્ષેત્રે તે બાબતે ચિંતા નથી......!! કોરોનાએ આમ પ્રજાને અનેક પ્રકારની મુશ્કેલીમાં ધકેલી દીધી છે.... પરંતુ નેતાઓને તેઓની ખેવના નથી જે સ્પષ્ટ દેખાઈ આવે છે....! માત્ર ભાજપાના નેતાઓ જ નહીં પરંતુ તાજેતરમાં કોંગ્રેસ નેતાઓએ પણ ગુજરાતમાં મિટિંગોના દોરથી શરૂઆત કરી દીધી છે... એટલા માટે લોકોને લાગે છે કે રાજકીય ક્ષેત્રે પક્ષો કે તેના નેતાઓ પોતાના સ્વાર્થને- લાભ લેવાની બાબતો ને વધુ મહત્વ આપે છે પ્રજાનુ થવું હોય તે થાય....! તેવી ચર્ચાઓ દેશભરમાં શરૂ થઈ ગઈ છે.અને રાજકીય ક્ષેત્રે એવા સમયે કે જ્યારે ચીને ભારતને ચારે તરફથી ઘેરવાનું શરૂ કર્યું છે.. જેના કારણે આપણે લાખો સૈનિકોને શસ્ત્ર સરંજામ સાથે સરહદ પર ખડકવા ફરજ પડી છે. ચીની સૈનિકો સાથે અથડામણો થવા લાગી છે, બીજી તરફ પાકિસ્તાનના કાશ્મીર ક્ષેત્રમાં અને સરહદી વિસ્તારમાં આતંકવાદી હુમલા,પાક. સૈન્ય દ્વારા ગોળીબાર, મોટર મારો વધી ગયા છે.... અને આવી બાબતોને લઈને દેશની પ્રજામાં ચિન્તા થઈ રહી છે ત્યારે રાજકારણીઓ પોતાની સ્વાર્થી નીતિઓમાં રમણ બની ગયા છે જે વિચારણીય છે....!?

ચીનના સરહદી ઉબાડીયા છતાં આજના સમયમાં કોઈ પણ દેશને યુધ્ધ કરવાનુ પરવડે તેમ નથી... પરંતુ ભારતની તમામ રીતે તૈયારી થઈ ગઈ છે. ત્યારે ભારતમાં સૌથી વધુ ચીનના ઉત્પાદનો ખરીદાય છે તેમાં પણ મોબાઈલ સહિત ઈલેક્ટ્રોનિક આઈટમ અને વિવિધ પ્રકારના રમકડા સૌથી મોટા પ્રમાણમાં ભારતમાં ખરીદાય છે. ચીને મિત્રતાનું મહોરૂ ધારણ કરીને તથા વ્યાપારના નામે દ્ ભારતની અનેક ગુપ્ત બાબતો ચીન સુધી પહોંચી જતી હોવાની બાબત સરકારની નજરમાં આવતાજ ચીનમાં હાલ મંદીનો માહોલ છે ત્યારે તેને આર્થિક ફટકો પડવો જરૂરી છે તેથી તેને પોતાની લશ્કરી માયાજાળ સમેટવાની ફરજ પડે... અને ભારતે પ્રથમ ફટકો પણ ૫૯ એપ પર પાબંદી ફરમાવીને આપ્યો હતો અને હવે ૧૪૮ જેટલી એપ પર પાબંધી ફરમાવતા ચીનની વફાદાર વેપાર કંપની અને ચીન સરકાર ખુદ શિયા વીયા થઈ ગઈ છે-ગભરાઈ છે. આ એપ પાબંધી નો ફટકો ચીન માટે સામાન્ય નથી... જોકે ચીનને વફાદાર કંપનીને બહુ મોટી અસર નહીં થાય કારણ કે તેનુ વ્યાપાર ક્ષેત્ર ૬૬૦ અબજ ડોલરનું છે... પરંતુ ૧૪ અબજ ડોલરનો ફટકો ×પબ્જી× એપનો પડ્યો છે જે ચીનની મંદીમાં અવશ્ય વધારો કરશે. ત્યારે હવે દેશના લોકોને પરવડે તેવી કિંમતમાં આધુનિક સુવિધાજનક મોબાઈલ સહિતની ઈલેક્ટ્રોનિક્સ આઈટમ મળી રહે તે માટે કેન્દ્ર સરકારે સ્વનિર્ભર મહામંત્રનો અમલ કરવા દેશના ટેલેન્ટેડો કે જીઓએ વિદેશોમાં જમાવડો કર્યો છે તેમના સહયોગથી દેશમાં પ્લેટફોર્મ ઉભું કરીને દેશના લોકોને જરૂરી ચીજવસ્તુ મળી રહે તેમ કરવું પડશે... જેથી ચીનની આર્થિક કરોડરજ્જુ પર ઘા પડી શકે....! તે સાથે નેપાળ અનુસંધાને સરકારે સવિશેષ કૂટનીતિ અપનાવવી જરૂરી છે... જેથી ચીનને પારોઠના પગલાં ભરવા પડે......!!

છેલ્લે..... રાજકીય ક્ષેત્રે એક જોક્સ ચાલી રહી છે કે બીજા દેશો કે દેશના અન્ય રાજ્યો કરતાં આપણે ત્યાં કોરોના કેસો ઓછા છે.... તો બીજાએ કહ્યું ઓછાજ હોયને..... આપણે ત્યાં હાથ મિલાવવા કરતાં પગ ખેંચવાનું વધુ ચાલે છે....!

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૦૫-૯-૨૦૨૦, શનિવાર, ભાદરવા વદ-૩
સૂર્યોદય-૬-૩૨, સૂર્યાસ્ત-૬-૫૯, જૈન નવકારશી-૭-૫૦,
આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ રેવતી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૮-૦૫થી શુભ-૯-૩૯ સુધી, ૧૨-૪૫ થી ચલ-લાભ-અમૃત-૧૭-૨૫ સુધી, ૧૮-૫૯થી લાભ-૨૦-૨૫ સુધી,૨૧-૫૨ થી શુભ-અમૃત-ચલ-૨૬-૧૨ સુધી

- શુભ હોરા-
૭-૩૪ થી ૮-૩૬ સુધી,૧૦-૪૧ થી ૧૩-૪૭ સુધી,૧૪-૫૦થી ૧૫-૫૨ સુધી,૧૭-૫૬થી ૨૦-૫૪ સુધી

# સિદ્ધપુર જેને કિનારે વસ્યું છે તે સરસ્વતી નદી આશરે ૬૦,૦૦૦ વરસોનો ઈતિહાસ સાચવીને બેઠી છે. ડૉ. જયનારાયણ વ્યાસ



ઉપગ્રહની તસવીરમાં દેખાતું ગંગાઘાટમુખ સરોવર જેમાં ગાય- ગૌમુખ, ઘોડા અને હાથીનું મુખ જોઈ શકાય છે
ઉપગ્રહની તસવીરમાં દેખાતું ગંગાઘાટમુખ સરોવર જેમાં ગાય-ગૌમુખ જોઈ શકાય છે

સિદ્ધપુર પુણ્યસલીલા સરસ્વતીને કિનારે વસેલું છે. આ સિદ્ધપુર પાસેનો સરસ્વતી નદીનો પ્રવાહ આશરે ૬૦,૦૦૦ વરસોનો ઈતિહાસ સાચવીને બેઠો છે. ૩૦,૦૦૦ વરસથી આ પ્રવાહ અહીં વહી રહ્યો છે એવું આ વિષય સંદર્ભે સરસ્વતી શોધ અભિયાન સાથે જોડાયેલા ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિક શ્રી પ્રભુલાલભાઈ ઠક્કરનું તારણ છે. તેઓશ્રીએ પોતાના આ સંશોધનના નિચોડ સમી નોંધ સિદ્ધપુર ઉપર પ્રગટ થનાર પુસ્તક માટે લખી આપી છે. સરસ્વતી શોધ અભિયાન સાથે વરસોથી સંકળાયેલા અને અવકાશ વિજ્ઞાન સંશોધન સંસ્થાનના વરિષ્ઠ વૈજ્ઞાનિક શ્રી પ્રભુલાલભાઈ ઠક્કર કરતાં વધુ અધિકૃત વ્યક્તિ આ વિષય માટે ભાગ્યે જ ઉપલબ્ધ થઈ શક્યા હોત. તેઓશ્રીના ઋણસ્વીકાર સાથે વૈદિક સરસ્વતી નદી સંલગ્ન અત્યંત અધિકૃત માહિતી ધરાવતો લેખ અહીં રજૂ કર્યો છે.

વૈદિક સરસ્વતી નદીનું ઉદગમ સ્થાન કૈલાસમાં સરોવરથી આશરે દોઢસો કિલોમીટર દૂર આવેલા ગાંગલા રિંગ ત્સો - ગંગા ઘાટ મુખ સરોવર હતું. ગંગા ઘાટ મુખ સરોવરમાં જુદા જુદા પ્રાણી મુખમાંથી જુદી જુદી આપણી મુખ્ય નદીઓનાં ઉદગમ સ્થાન હતાં. સરસ્વતી નદી આ સરોવરના ગૌમુખમાંથી નીકળી કૈલાસ પાસે આવેલા કપાલ, મા સરોવર તથા રાક્ષસ તાલમાં વહી ત્યાંથી વાયવ્ય દિશામાં વહી પ્લક્ષ પ્રશ્રવણ સરોવરમાં થઈ આજના સતલજ નદીના પ્રવાહમાં વહી તીર્થપુરીથી આદિબદરી સુધી વહેતો હશે. આ પ્રવાહ પહેલાં ધોળી ગંગા તથા ઋષિ ગંગાના પ્રવાહમાં વહેતો હશે. ત્યાર પછી ભૂકંપ જેવા પરિબળોના કારણે આ પ્રવાહ ઉત્તર તથા પશ્ચિમ દિશા તરફ ખસતાં આદિ બદરી એટલે કે આજના તિબેટમાં આવેલ ધૂલિન્ગ મઠથી આજની માંગ નાંગ ત્સાન્ગપો નદીના પ્રવાહમાં વહી માના પાસ થઈ, માના પાસની દક્ષિણે, દક્ષિણ દિશામાં વહી માના ગામ સુધી વહેતો હશે. માના ગામની ઉત્તરમાં સરસ્વતી નદીના જમણા કાંઠા પર માના ગામથી આશરે ત્રેવીસ કિલોમીટર દૂર સરસ્વતી નગર પણ આવેલું હતું. માના ગામથી ઉત્તરમાં થોડે દૂર સરસ્વતીનું મંદિર પણ આવેલું છે. માના ગામમાં વ્યાસનું મંદિર, વ્યાસ ગુફા, ગણેશનું મંદિર તથા ભીમ પૂલ પણ આવેલ છે. સરસ્વતી નદી માના ગામથી દક્ષિણમાં ત્રણ કિલોમીટર દૂર અલકનંદા નદીને મળે છે જે વિષ્ણુ પ્રયાગના નામે ઓળખાય છે.

ત્યારબાદ આ પ્રવાહ આજની ગંગા નદીના પ્રવાહમાં વહી ઋષિકેશ હરદ્વાર સુધી આવતો હશે. ત્યાંથી આ પ્રવાહ બિજનૌર સુધી વહી બિજનૌરથી બુદ્ધિ ગંગાના પ્રવાહમાં વહી આજના પ્રવાહથી ઉત્તરમાં વહી પ્રયાગરાજ અલ્લાહાબાદ સુધી વહી ત્યાંથી પૂર્વમાં છપરા સુધી વહેતો હશે, છપરાથી આ પ્રવાહ દક્ષિણ દિશામાં આજના સોન નદીના પ્રવાહમાં વહી અમરકંટક સુધી વહેતો હશે. અમરકંટકથી આ પ્રવાહ આજની નર્મદા નદીના પ્રવાહમાં વહી ભરૂચ સુધી વહેતો હશે. ભરૂચથી આ પ્રવાહ પશ્ચિમ દિશામાં વહી સૌરાષ્ટ્રની ભૂમિ પર ભાદર નદીના પ્રવાહમાં ગિરનાર સુધી વહેતો હશે. ત્યાંથી ઓઝત નદીના પ્રવાહમાં વહી પ્રાચી પાસે વહી સરસ્વતીનો પ્રવાહ સોમનાથ પાસે ત્રિવેણી સંગમ પાસે અરબી સમુદ્રમાં મળતો હશે.

આ સમયે ગુજરાતના ખંભાતનો અખાત કે કચ્છનો અખાત અસ્તિત્વમાં ન હતા. સમુદ્રના પાણીની સપાટી, આજે છે તેના કરતાં, એક સો વીસ મીટર જેટલી નીચે હતી. એટલે કે, ખંભાતનો અખાત હતો નહી, અને લોકો ભરૂચ તરફથી સૌરાષ્ટ્ર વિસ્તારમાં બળદ ગાડામાં બેસીને જતા હતા તેવા ઉલ્લેખ સાહિત્યમાં વાંચવા મળે છે.

આપણે અહીં સિદ્ધપુર પાસે સરસ્વતી નદીના પ્રવાહની વાત કરવી છે. હિમાલયમાં તિબેટમાં આવેલા ગંગા ઘાટ મુખ સરોવરના ગૌમુખમાંથી નીકળેલી સરસ્વતી નદી અલ્હાબાદ પાસે વહેતી હતી. જે છપરા સુધી વહી સોન નદીના પ્રવાહમાં વહેતી હતી. સમય જતાં જેમ જેમ હિમાલયની ઊંચાઈ વધતી ગઈ અને વર્તમાન ભારત તથા ભારતવર્ષના પ્રદેશોમાં ધરતીકંપ તથા સુનામી જેવા બનાવો વારંવાર બનતાં આ સમગ્ર પ્રવાહમાં વારંવાર ફેરફારો થતા રહ્યા અને સોનના પ્રવાહમાં વહેતો સરસ્વતીનો પ્રવાહ હાથની, પરબતી, કાલીસિંધ તરફ પશ્ચિમ દિશામાં વહેતી આજની નદીઓના પ્રવાહમાં વહી, મધ્ય પ્રદેશ, રાજસ્થાન તથા ગુજરાતની વિવિધ નદીઓના પ્રવાહમાં વહી કોઈ કાળે મહી તથા સાબરમતી નદીઓના પ્રવાહમાં પણ વહેતો હતો જેના પુરાવા સાહિત્યમાં પણ જોવા મળે છે. સરસ્વતી નદીના પ્રવાહમાં ફેરફાર થતાં, કોઈ કાળે આ પ્રવાહ, અલ્હાબાદથી પશ્ચિમમાં યમુના



નદીના પ્રવાહમાં હમીરપુર સુધી વહેતો હશે. ત્યાર પછી વર્તમાન ચંબલ નદીના પ્રવાહમાં વહી રાજસ્થાનના કોટા પહેલાં કોટાથી આશરે એક સો વીસ કી.મી. પહેલાં પૂર્વ બનાસ નદીના પ્રવાહમાં વહી ટોંક પાસે વહેતી હશે. તે વર્તમાન બિસલપુર ડેમ, ઝાઝપુર, હમીરગઢ, ભીલવાડા, નાથદ્વારા પાસે વહી ઢોલ, ઓગણા, ગોગુંદા, પોશીના પાસે સાબરમતી નદીના પ્રવાહમાં વહી વર્તમાન ધરોઈ ડેમ સુધી આવી ત્યાંથી પશ્ચિમમાં વહી વર્તમાન મોકેશ્વર ડેમની ઉત્તરમાં હાલની ઉત્તર ગુજરાતની સરસ્વતી નદી જે આબુ પાસેના કોટેશ્વર પાસેથી ઉદ્ભવ પામે છે તેના પ્રવાહમાં મળી આગળ સિદ્ધપુર, દેથલી પાસે વહી તે હાલના પાટણ શહેર પાસે પાટણ શહેરથી પૂર્વમાં વહી દક્ષિણ દિશામાં લોટેશ્વર પાસે વહી સુરેન્દ્રનગર જિલ્લાના ઝીંઝુવાડા ગામ પાસેથી દક્ષિણ દિશામાં વહી દ્રૌપદી કુંડ પાસે વહી બ્રાહ્મણી નદીના પ્રવાહમાં વહી તરણેતર પાસે થઈ દક્ષિણમાં વહી આ પ્રવાહ સોમનાથ પાટણ સુધી વહેતો હશે. દ્રૌપદી કુંડ હરિયાણા રાજ્યના કુરુક્ષેત્રમાં તથા ગુજરાત રાજ્યમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંગધ્રા પાસે એક અને બીજો દ્વારકામાં આવેલ છે.


સિદ્ધપુર પાસેનો સરસ્વતી નદીનો પ્રવાહ આશરે સાઈઠ હજાર વર્ષોનો ઈતિહાસ સાચવીને બેઠો હોય તેવું અનુમાન કરીએ તો ખોટું નહી ગણાય. અહીંથી ભેખડમાંથી લીધેલ નમૂનાઓ પરથી વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરતાં જણાયું છે કે ત્રીસ હજાર વર્ષોથી આ પ્રવાહ અહી વહી રહ્યો છે.

પાટણના સહસ્રલિંગ સરોવરમાંથી લીધેલા માટીના નમૂનાઓનું પૃથ્થકકરણ કરતાં જાણવા મળ્યું છે કે, લગભગ નવ વખત આ સરોવરમાં પૂર આવવાથી અહીં માટી તણાઈ આવેલ છે. આમ ભૂતકાળમાં, સરસ્વતી નદીમાં ભયંકર કહી શકાય તેવાં પૂર નવ વખત, આવ્યા હશે.

ઝીંઝુવાડા પાસે ઝીલ્લંધણ કુંડ/તીર્થમાં, સરસ્વતી નદીનું પાણી આવતું હતું, તેવું લખાણ, સરસ્વતી મહાત્મ્ય નામના ગ્રંથમાં, જોવા મળે છે. આ ગ્રંથ, શ્રુતિ સ્મૃતિ પદ્ધતિ આધારિત, લખાયેલો ગ્રંથ છે. મહારાજ શ્રી પાસેથી રોજ કથાનું શ્રવણ કરી, તે યાદ રાખી તેને બીજા પાસે લખાવી, કચ્છના દીવાનના વિધવા પત્ની કંકુબેન મોતીલાલ લાલભાઈએ ઈ.સ. ૧૮૮૬માં કચ્છના મહારાઓના ભુજમાં આવેલ પ્રિન્ટિંગ પ્રેસમાં છપાવી પ્રસિદ્ધ કરેલ છે.

# ભગવાન ના પ્રેમનો ખેલ શું છે?- સંત રાજીન્દર સિંહજી મહારાજ

જ્યારે આપણે આ શારીરિક જીવનમાં આવીએ છીએ, ત્યારે અમને ચોક્કસ સંખ્યામાં શ્વાસ આપવામાં આવે છે. આ શ્વાસ સેકંડ, મિનિટ, કલાકો, દિવસો, અઠવાડિયા, મહિનાઓ અને વર્ષો દ્વારા ગણવામાં આવેલા સમયના માપ સાથે સંબંધિત છે. આ આપણી વાસ્તવિક મૂડી છે. આપણે વિચારી શકીએ છીએ કે જીવનનો સૌથી મહત્વનો ધંધો પૈસા કમાવવા અને ખર્ચ કરવા નથી. જીવનનો સૌથી મહત્વપૂર્ણ - આપેલા સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરવુ છે. આપણે અહીં આધ્યાત્મિક સંપત્તિ એકઠા કરવા આવ્યા છીએ. આપણું જીવન એક દિવસ સમાપ્ત થઈ જશે. જો આપણે સંપત્તિ માટે સમય રોકાણ કરીને જીવનની રમત રમવાનું પસંદ કરીએ, તો આપણે કઈક પણ હાસિલ નહી કરી શકીશુ કારણ કે અંતે તે બધાને પાછળ છોડી દેવાનુ છે. જ્યારે અમારો અંતિમ શ્વાસ લેવામાં આવે છે, ત્યારે આપણે અમારું બેંક ખાતું અને સંપત્તિઓ ને આપણે પાછળ છોડીએ છે. સમ્પતિ તથા બૅંક બૅલેન્સ આ બધુ



દુનિયા મા જ રેહવાંનુ છે.

આ વિશ્વમા આધ્યાત્મિક પ્રેમની કીમત સૌથી વધારે છે. આત્મા ની પ્રગતિ આપણા નાણાકીય રેકોર્ડ્સ દ્વારા માપવામાં આવતી નથી, પરંતુ આપણે અન્ય લોકો સુધી પહોંચેલા પ્રેમની માત્રા દ્વારા આત્માને માપી શકાય છે. શું આપણે ભગવાનને પ્રેમ કર્યો? શું આપણે આપણા સાથી માણસોને પ્રેમ કર્યો? શું આપણે બધી સૃષ્ટિને ચાહતા હતા? પ્રેમ ના વિચારો, શબ્દો અને કાર્યોમાં ભાષાંતર કરવામાં આવે છે જે અન્ય લોકો પ્રત્યે દયાથી વ્યક્ત થાય છે. આપણે બીજાઓની કેટલી સંભાળ રાખીએ છીએ તે વ્યક્ત કરવામાં આવે છે. તે બતાવવામાં આવે છે કે આપણે બીજાઓને મદદ કરવા અથવા સેવા આપવા માટે પોતાને કેટલ આપીએ છીએ. ભગવાન ના પ્રેમનો ખેલ શું છે? તે એક રમત છે જેમાં આપણે પોતાના માટે ભગવાનનો પ્રેમ અનુભવ કરીયે છીએ અને તે પ્રેમને આપણી આજુબાજુમાં ફેલાવીએ છીએ. ભગવાન આનંદ અને પ્રેમનો સમુદ્ર છે. જ્યારે આપણે ભગવાન સાથે કનેક્ટ થઈએ છીએ, ત્યારે આપણે પ્રેમનુ અનુભવ કરીશું. તે આ વિશ્વની કોઈપણ રમત કરતાં વધુ આનંદપ્રદ છે. તે આ દુનિયામાં કોઈપણ રમત કરતાં વધારે ખુશી આપે છે. આપણે ધ્યાન દ્વારા ભગવાન ના પ્રેમની રમત, વિશ્વનું ધ્યાન બહારની દુનિયામાંથી લઈ જવા અને તેને અંદર કેન્દ્રિત કરવાની પ્રક્રિયા દ્વારા રમી શકીએ છીએ. ભગવાનની પ્રેમની રમત દ્વારા જ આપણે આપણી અંદર સુપ્ત રહેલી ધનનો અનુભવ કરીએ છીએ, જેથી આપણને અવિનાશી આનંદ, પ્રકાશ અને આનંદ પ્રાપ્ત કરશે.

# શામળાજી નજીક પાણી પુરવઠા વિભાગના સંપમાંથી ક્લોરીન ગેસ લીકેજ થતા ગ્રામ્ય વિસ્તારોમાં અફડાતફડી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

સુપ્રસિદ્ધ યાત્રાધામને અડીને આવેલા દેવની મોરી ગામે પાણી પુરવઠા યોજના હેઠળ બનાવેલ પાણી નાં ટાંકામાં સંપમાંથી ક્લોરીન ગેસ લીકેજ થવાની ઘટના બની હતી ક્લોરીન ગેસ હવામાં ભરી પ્રસરતા દેવની મોરી સહીત આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકોને ગૂંગળામણ અને ખાંસી ઉપડતા ભારે અફડાતફડી મચી હતી ગામના સરપંચ ફાયરબ્રિગેડને જાણ કરતા મોડાસા ફાયરબ્રિગેડની ટીમ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ક્લોરીન ગેસ લીકેજની કામગીરી હાથધરી હતી કામગીરી દરમિયાન ફાયરબ્રિગેડ કર્મીને ક્લોરીન ગેસની અસર થતા ગૂંગળામણ અનુભવતા તાત્કાલિક સારવાર અર્થે શામળાજી દવાખાને ખસેડાયો હતો અને ઓક્સિજન આપ્યું હતું ઘટનાની ગંભીરતના પગલે જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર ઘટનાસ્થળે દોડી આવ્યા હતા ફાયરબ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ લીકેજ શોધી સમારકામની કામગીરી હાથધરી હતી




શામળાજી નજીક આવેલ દેવનીમોરી ગામે જુથ પાણી પુરવઠા યોજના એસ કે ટુ નું વિશાળ કેપેસીટી ધરાવતી પાણીની ટાંકી બનાવેલ છે આ પાણી પુરવઠા ની યોજના માં થી સિત્તોર ઉપરાંત ગામમાં પાણી પહોંચે છે આ એસ કે ટુ ના દેવની માંરી ગામે આ પુરવઠા વિભાગ માં મોટા મોટા ગેસ સિલિન્ડર હતાં તેમાં થી એક સિલેન્ડર માં થી કલોરીન ગેસ લીકેજ થતાં દેવનીમોરી ગામે ગ્રામજનોને ગુંગળામણ અને ખાસી ની તકલીફો થતાં સમગ્ર ગામમાં રાત્રિના સમયે ગ્રામજનો ઘરની બહાર દોડી આવ્યા હતા અને નાસભાગ કરવા લાગ્યા હતા ગામના સરપંચ જયંતિ ભાઈ પારગી અને.ડેપયુ.સરપંચ પ્રવિણ સિંહ જાડેજા એ તાત્કાલિક ફાયરબ્રિગેડને જાણ કરતા ફાયર બ્રિગેડની ટીમ પહોંચી હતી અરવલ્લી જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ નેં પણ જાણ કરતા જિલ્લા વહીવટી તંત્ર પણ દોડતું થઈ ગયું હતું. ગેસ લીકેજ પર કાબુ મેળવવા માટે આવેલ ફાયરબ્રિગેડના કર્મચારીઓને પણ ગુંગળામણ થઈ ને બેહોશ થઈ જતાં તાત્કાલિક સારવાર માટે શામળાજી રેફરલ હોસ્પિટલમાં ઓક્સિજન આપવામાં આવ્યો હતો . ક્લોરીન ગેસની ની તિવ્રતા એટલી બધી હતી કે ગ્રામજનો શ્વાસ લેવામાં ભારે મુશ્કેલી અનુભવી રહ્યા હતા ગામના અનેક લોકો ગેસ લીકેજ ઘટનાને ૬ કલાક થી વધુ સમય થયો હોવા છતાં શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી લોકોની આંખો લાલ કલરની થઈ જવાની સાથે બળતરા પણ યથાવત રહી હતી અરવલ્લી જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ તથા કલેકટર મામલતદાર વિગેરે ઘટના સ્થળે મુલાકાત લીધી હતી અને દેવનીમોરીમાં આરોગ્ય ટીમે ધામ નાખી સર્વેની કામગીરી હાથધરી હતી

ક્લોરીન ગેસ ગળતરની ઘટના અંગે પાણી પુરવઠા યોજના ના ડેપ્યુટી ઈજનેર પી પી નાઈ એ જણાવેલ કે અહીંયા મોટાં ત્રણ કલોરીન ગેસ નાં બોટલ છે જેમાંથી એક સિલિન્ડર માં કાટ આવવાથી તેં જગ્યાએ થી લીકેજ થતાં ગેસ ફેલાયેલ હતો આ ઘટના જાણ થતાં રાત્રિના સમયે જ સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી જઇ આ ગેસ લીકેજ બંધ કરવા માટે ફાયરબ્રિગેડના કર્મચારીઓની મદદથી ગેસ બોટલ નેં પાણી નાં ઉંડા ટાંકા માં નાખી દીધો હતો


દેવની મોરી ગામના સરપંચ જયંતિ ભાઈ પારધીના જણાવ્યા અનુસાર ગુરુવારે રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ ગામમાં દરેક વ્યક્તિ ને શ્વાસ લેવા માં તકલીફ પડતી હતી ઉધરસ તથા આંખોમાં બળતરા થતા તાત્કાલિક ફાયરબ્રિગેડને જાણ કરી હતી તેમજ પાણી પુરવઠા વિભાગ સહીત વહીવટી તંત્રને રાત્રે જ જાણ કરી હતી જિલ્લા કલેકટર પણ રૂબરૂ મુલાકાત લીધી હતી અને અત્યારે ગામમાં આરોગ્ય વિભાગ નાં અધિકારીઓ ઘરે ફરીને દવા આપી રહ્યા છે વધુમા તેમને ગેસની ગંભીરતા અંગે જણાવ્યું હતું કે ગેસ ની અસરથી આજુબાજુ ના લીલા ઝાડ પણ મુરઝાઈ ગયેલ હતા હજું પણ આ ગેસ ની તિવ્રતા ની ગંધ થી મોઢા બાંધી દેવાં પડેછે.

# ભાઉ અરવલ્લીના પ્રવાસે : ભાજપના આંતરિક જૂથવાદના ચક્રને ભેદવું સી.આર.પાટીલ માટે લોઢાના ચણા ચાવવા સમાન,૪ મોટા નેતાઓના જુથ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્ય ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પટેલ ઉત્તર ગુજરાતના પ્રવાસે છે જેમાં શનિવારે સાંજે ૪ વાગે રાજેન્દ્રનગર ચોકડીથી અરવલ્લી જીલ્લાનું ભ્રમણ કરશે સીઆર પાટીલને આવકારવા જીલ્લામાં ઠેર ઠેર બેનરો જોવા મળી રહ્યા છે જીલ્લાના અગ્રણીઓ અને કાર્યકર્તાઓમાં અદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો છે અરવલ્લી જીલ્લા ભાજપમાં આંતરિક જૂથવાદ પ્રવર્તી રહ્યો છે સમગ્ર દેશમાં વડાપ્રધાનની પ્રચંડ લહેર વચ્ચે પણ જીલ્લામાં જોવા મળતાં આંતરિક જુથવાદનો લાભ કોંગ્રેસને થતાં ત્રણે બેઠકો પર કોંગ્રેસના ધારાસભ્યો વિજેતા બન્યા હતા જીલ્લામાં પ્રફુલ પટેલ જૂથ,પ્રદીપ સિંહ જાડેજા જૂથ,નીતિન પટેલ જૂથ અને શંકર ચૌધરીના જૂથ હોવાનું રાજકીય સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી જીલ્લામાં ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો ચારેય દિશામાં વહેંચાયેલા છે ત્યારે જીલ્લામાં ભાજપના આંતરિક જુથવાદના ચક્રવ્યૂહને ખાળવામાં લોઢના ચણા ચાવવા પડે તો નવાઈ નહિ જીલ્લામાં વિવિધ મોરચામાં પણ જૂથવાદ પ્રવર્તી રહ્યો છે

૨૦૧૭ વિધાનસભાની ચૂંટણીમાં દેશમાં મોદી લહેર વચ્ચે પણ અરવલ્લી જીલ્લાની ત્રણેય વિધાનસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવારોનો વિજય થયો હતો વિધાનસભાની અને લોકસભાની ચૂંટણીમાં પણ ભાજપનો આંતરિક જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યો હતો ભાજપના આંતરિક જુથવાદના દર્શન નગરપાલિકાની પ્રમુખ, ઉપ્રમુખની ચૂંટણીમાં પણ થઈ ચુક્યા છે જીલ્લામાં બહારથી ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો ભલે શિસ્તબદ્ધ જણાઈ રહ્યા હોય પરંતુ આંતરિક જૂથવાદ મોટા પ્રમાણમાં પ્રવર્તી રહ્યો છે ત્યારે આગામી વિધાનસભા - ૨૦૨૦ ની ચૂંટણીઓ માટે સીઆર પાટીલ રોડ મેપ તૈયાર કરી રહ્યા હોય તેમ ઉત્તર ગુજરાતના પ્રવાસે છે ત્યારે અરવલ્લી જીલ્લા ભાજપમાં જોવા મળતો આંતરિક જૂથવાદના ચક્રવ્યુંહના કોઠાને કઈ રીતે ભેદી શકે છે તે જોવું રહ્યું જીલ્લાના રાજકીય વિશ્લેષકોના જણાવ્યા અનુસાર જીલ્લાના આંતરિક જૂથવાદને ભેદવો અશક્ય છે જીલ્લા ભાજપના રાજ્યના મોટા નેતાઓએ મજબૂત પાયા નાખી દીધા છે જીલ્લામાં ચારેય નેતાઓના નામ પ્રદેશ પ્રમુખની રેસમાં હોવાનું જોરશોરથી કહી રહ્યા હતા ત્યારે કેન્દ્રની નેતાગીરીએ સીઆર પાટીલને પ્રદેશ પ્રમુખ બનાવતા સોપો પડી ગયો હતો જીલ્લામાં થતી રજેરજની માહિતી તેમના માનીતા નેતાઓ પાસે પહોંચી જતી હોય છે




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ. આયોજક - સંચાલન એડમીન ટીમ.

અહીંસા ભાગ - ૨
ગતાંકથી ચાલુ.........
મિત્રો મેં ઘણીવાર જોયું છેકે લોકો પોતાનાથી ઊતરતાં કે ગરીબ વર્ગને એક જુદીજ દ્રષ્ટીથી જોતાં હોય છે.એ રીતે તિરસ્કાર કરવો કે અવગણી નાંખવુ , એ અયોગ્ય છે. આપણી એવી દ્રષ્ટી કે વર્તનથી એ વ્યક્તિ શરમાય જાય એવું ન કરવુ. દરેક વ્યક્તિને સમભાવ અને સ્વમાનની દ્રષ્ટિએ જોવું એ પણ એક અહિંસાનોજ પ્રકાર છે.હવે જોઈએ વર્તન દ્વારા હિંસા.વર્તન દ્વારા થતી હિંસા એટલે જો પતિ ક્યારેક પત્નીનો જન્મદિવસ ભૂલી જાય તો પત્ની સીધ્ધાં અબોલાજ લઈ લે.અબોલા લઈ લે ત્યાં સુધી તો ઠીક પણ ત્યાર પછી પોતાના વર્તન દ્વારા ડગલે ને પગલે પતિને સતત એવો અહેસાસ કરાવે કે એણે કરેલી ભૂલ અક્ષમ્ય છે.અને એ જતાવવા પતિનું કોઈ કામ ન કરે.રસોઈ ન બનાવવી,સતત મોઢું ચઢાવી રાખવું અને ઘરના વાતાવરણને ડહોળી નાંખવું. અરે! મેં આટલી નજીવી બાબતે ઘણા યુગલોને છૂટાછેડા લેતાં પણ જોયા છે.માટે મારું માનવું છે કે આવી નાની નાની બાબતોને બંને પક્ષે; ચાહે પતિ હોય કે પત્ની હોય, નજરઅંદાઝ કરવી એ પણ અહિંસાજ છે.હવે વાત કરીએ સંબંધોની હિંસાની.મિત્રો આપણે નાના હતા ત્યારે હંમેશા ' જા તારી કીટ્ટા, હું તારી સાથે નહીં બોલું.' કહીને જેની પણ સાથે તકલીફ હોય ભાઈ, બહેન, મમ્મી,પપ્પા કે પછી આપણો મિત્ર કે સખી.......! હાથની ટચલી આંગળી બતાવી મોઢું ફેરવી લેતાં. નાનપણની આ ચેષ્ટા આપણને ત્યારે ખૂબજ સામાન્ય લાગતી.આ ચેષ્ટા સાથે જ્યાં સુધી બાળપણ જોડાયેલું હતું ત્યાં સુધી એની માસુમતા જળવાઈ રહેતી.એજ માસુમતા ને લીધે બીજીજ પળે પાછા હાથની પહેલી અને બીજી આંગળીઓ બતાવી બુચ્ચા પણ કરી લેતાં.પરંતુ જેમ જેમ મોટાં થતાં ગયાં તેમ તેમ માસુમિયત ગુમાવતાં ગયા અને કિટ્ટાવાળી ટચલી આંગળીને જાણે આપણે કાયમને માટે સ્ટેચ્યુ કહી નાંખ્યુ છે.ક્યારેક મિલકત માટે, તો ક્યારેક પર સ્ત્રી કે પર પુરુષ માટે, ક્યારેક ભાઈ ભાઈને જેની સાથે લોહીની સગાઈ હોય.......!એવા સંબંધોને દૂર થતાં જોયા છે.એકજ છાપરાં નીચે રહેતા હોય અને ઘરમાં બે અલગ અલગ ચૂલા સળગતાં જોયા છે.ભાઈ ભાઈ અને ભાઈબંધ સુધી તો ઠીક,સગા માબાપને પૈસા ખાતર ભલભલા ખમતીધરોને વૃધ્ધાશ્રમના દ્વાર પર મૂકી આવતાં જોયા છે. અને વગર કોઈ શસ્ત્રે સંબંધોની કત્લ કરતાં જોયા છે.ઠંડા કલેજે કરાયેલી આ કત્લો સમાજ માટે ખૂબજ ભયાવહ છે. આ પ્રકારની હિંસાઓને રોકનાર અનેક સંસ્થાઓ છે ,ટ્રસ્ટો છે.એતો પોતાનું કાર્ય કરેજ છે.પરંતુ આવી હિંસાઓને પાયાથી અટકાવવા દરેક ઘરની દિકરી અને દિકરાંઓમાં મૂળથીજ સંસ્કાર સિંચન કરવું જરૂરી છે.કે માતાપિતા પતિના હોય કે પત્નીના,ભાઈ બહેન પતિના હોય કે પત્નીના.એમનું સ્વમાન જાળવવું આપણી ફરજ છે.એમને પ્રેમ અને હૂંફ આપવા એ આપણી નૈતિક જવાબદારી છે.જે દિવસે સમાજમાં આરીતની વિચારસરણીવાળી પેઢીનો વધારો થશેને તે દિવસથી સાહેબ સમાજના એંસી ટકા વૃધ્ધાશ્રમોને તાળાં લાગી જશે.

આવી અહિંસાની ધૂણી આજે દરેક ઘર , ગલી,મહોલ્લામાં પેટાવવી જરૂરી છે.જે દિવસે આવી અંહિંસાનો યજ્ઞ ઘરઘરમાં થશે ,ત્યારે આપોઆપ દરેક જન વૈષ્ણવ થઈ જશે.અને ગાંધીજીનું આ ભજન દરેક હૈયામાં ગુંજશે.

વૈષ્ણવજન તો તેને રે કહીએ,જે પીડ પરાઈ જાણે રે......
પર દુ:ખે ઉપકાર કરે તોયે
મન અભિમાન ન આણે રે......
વૈષ્ણવજન તો તેને રે કહીએ......!

લેખિકા : આરતી અજય મરચંટ.
મુંબઈ : કાંદિવલી.

-----------------------------------

NG NO: 004

સૂક્ષ્મ મેઘધનુષ...

કાલ્પનિક કલ્પના જ કરવી રહી સપ્તરંગી એ રંગોની મિલાવટની , હિંચકે ઝૂલતા મેઘ ફૂલ પર પડેલા ઝાંકળને જોઈ વિચારી રહ્યો હતો. ત્યાંજ તેની પર સૂર્યનું એક કિરણ પડ્યું અને સપ્ત રંગોનો ભાસ થયો.તેની આંખમાં ચમક આવી ગઈ.નાના બાળકની જેમ તે ખડખડાટ હસી પડ્યો.

અંદરથી મેઘાવી બહાર આવી , પૂછી બેઠી ફરી કંઈ અલૌકિક જોયું..કે તારા મુખે અટ્ટહાસ્ય નીકળ્યું..? મેઘ બોલ્યો,"મારી પહેલવહેલી કલ્પના જ ઓચિંતી પૂર્ણ થઈ." મેઘાવીની આંખોમાં આશ્ચર્ય જોઈ બોલી ઉઠ્યો ,"તે કોઈ દિવસ સૂક્ષ્મ મેઘધનુષ જોયું છે?"

મેઘાવી બોલી,"સૂક્ષ્મ મેઘધનુષ !

મેઘ બતાવા જાય તે પહેલા તો પેલું ઝાંકળ બિન્દૂ નીચે ખરી પડ્યું હતું. જેમ તેની જિંદગી થોડા જ દિવસોમાં ખરી જવાની છે.આ અસાધ્ય રોગથી..ખરેખર કાલ્પનિક રંગો સપ્તરંગી જ હોય છે મેઘધનુષ જેવા.

જયશ્રી પટેલ.....

-----------------------------------

બાસુંદી

"ગૌરીની બા, ચાનો ટેમ થઈ ગીઓ. ફક્કડ તાજાં દૂધની, કડક-મીઠી હ." હસીને બાને ચાનો ઓર્ડર આપતાં બાપુને જોઈ લેશન કરતી ગૌરીની ત્રાંસી નજરો મલકાઈ.

તાજું દૂધ એટલે, જે-તે દિવસે આવેલું દૂધ નહીં, પણ તરત દોહીને લાવેલું દૂધ! ?તેમાં ડબલ ચાની પત્તી અને ભારોભાર ખાંડ! આવી બાપુની પસંદગીની ચા?.

ચાનો સબડકો લેતાં બાપુને જોઈ ગૌરી ચિડાઈ.

"લે બે-ચાર ઘૂંટ તારાં. મીઠી છે એમ ની બોલતી, એમાં તારી માનું વ્હાલ હો છે?." કહી ગૌરીની બા માથે હાથ ફેરવતાં તેને રકાબી પકડાવી ગઈ.

"બા, આ શું છે!" મીઠો ઘૂંટડો ઉતારતાં ગૌરી અકળાઈ ગઈ.

"એય શું કરે છે? કેટલીવાર એક કપ ચા બનાવતાં? અને હા બાસુંદી ન બનાવી દેતી." શહેરનાં ખ્યાતનામ વકીલ, એટલે કે તેનાં પતિ સોમેશનો અવાજ સાંભળી ગૌરીનો ધ્રૂજતો હાથ રકાબીને અડી ગયો?. તેણે ખખડાટ કરી ગૌરીને સ્વર્ગનો રસ્તો છોડી મૃત્યુલોકમાં પાછાં ફરવાનો આદેશ આપ્યો. ઉકળતાં કાળાં પાણીને કપમાં ભરીને રસોડાની બહાર નીકળી, અટકી, ચામાં કંઈ નાખવાનું તો નથી રહી ગયું ને?

વંદના વાણી

# બાળવાર્તા નં ૮ વહાલા પ્રાણીઓ.




બાળકો તમે જાત જાતના પ્રાણીઓ વિષે જાતજાતની વાર્તાઓ વાંચી સાંભળી હશે.જેમકે રાણા પ્રતાપનો ઘોડો ચેતક..ઈન્દ્રનો હાથી ઐરાવત..વગૈરે.

આજે હું તમને પાળેલા પ્રાણીઓમાં સૌથી વફાદાર પ્રાણી કૂતરાંઓની વાત કહું છું.આ મારા જીવનમાં મે જોયેલા વફાદાર કૂતરાંઓ માના એક કૂતરાનો પ્રસંગ કહું છું .

સાગર

તમને થશે આ કેવું નામ?પણ હું ત્યારે આઠમા ધોરણમાં અભ્યાસ કરતી હતી.મારી મોટીબેન એક સાથે બે કૂતરા લઈ આવી,એક સુંદર રૂપાળું ઝાંખા તપખીરી સફેદ રંગનું ને ભાલમાં મોટો સફેદ ટીકો જાણે સાધુ મહારાજ, નામ પડ્યું સાગર અને બીજુ સુંદર આખા શરીરે ક્રીમ રંગનું પણ હતા કૂતરીબેન એટલે નામ પડ્યું સરીતા . સાગર પ્રકૃતિનો શાંત ને સરીતા નામ પ્રમાણે ચંચળ.

આવી તે દિવસથી જ દબડક દબડક દોડીને ગેસ પર આસન જમાવે.મારા પપ્પાને ડર હતો કે ક્યાંક ચાલુ ગેસ પર ન જઈ બેસે. તેથી તેને એક દિવસ બેન શાળાએ ગઈ કે પપ્પા દૂર દૂર છોડી આવ્યા. સાગરે બે દિવસ સૂધી જમ્યો નહિ,પણ હતો નાનો એટલે પ્રેમથી વળી ગયો.રાત દિવસે મોટો થતો ગયો,એવો ટ્રેઈન થઈ ગયો હતો કે બાથરૂમ ટોયલેટ,જમવું સાત્વિક ને સવારે મંદિર સામે બેસી પ્રસાદની રાહ જોવી.

મોટી બેનનો હેવાયો તો તે સાસરે ગઈ તો પણ બે ત્રણ દિવસ અપવાસ કર્યા. જમવું તો પપ્પા સાથે,તેની ટ્રે માં દૂધ રોટલી શાક હોય તો પણ પપ્પા જમે ત્યારે કોળિયા ભરાવા પડે.મોટી બેન ગઈ પછી મારો વારો આવ્યો પણ મને રોજ સવારે એક જ વિચાર આવે કે કેવું બંધન છે આને..બીજા બધા કૂતરાં ને સ્વતંત્રતા ને આને પટ્ટો સાંકળ?

વફાદારી તો તેની જ કોઈની દેન છે કે તેની મંજૂરી વગર પગ પણ અમારા ઘરમાં મૂકે તે તો બસ જમાદાર. એક રાત્રે અમારા વાડામાંથી એક ચોર ઘૂસી આવ્યો જોવું શું ? ચોથા માળ સુધી એને વિચિત્ર વાસને સંબંધના માંડી , ભસવા માંડ્યો કે આખી ગલી જાગી ગઈ અને મી.ચોર પોલીસને હવાલે ...ત્યારે મને એની કિંમત સમજાય.લગ્ન પછી બેન તેની પ્રસૃતિ(ડીલીવરી) માટે આવી તો કેટલા લાડ ..જ્યારે દવાખાને ગઈ તો ચુપચાપ બેસી રહ્યો..ઘરમાં વાતાવરણ ભારી ગમગીન તો એ પણ

આંખમાં આંસુ સાથે જાળી પાસે જ બેસી રહ્યો. જયારે બેન દવાખાનેથી બેબી લઈ પાછી આવી તો બે પગે ઉભો થઈને ખુશ થતા નાંચવા લાગ્યો.ઘરનાં એક એક વ્યક્તિ

ને તે ઓળખતો ફોઈઓ ને કાકાઓ વરસે રજાઓ માં આવે તો તેઓનું સ્વાગત તેમના બે પગ વચ્ચે થી પસાર થઈ ખુશી વ્યક્ત કરી કરતો.જો એકલો મૂકી નેબહાર ગયા તો નાના બાળકની જેમ રડ્યા કરતો.બારી બહાર બધા શેરીવાળાને ફરિયાદ કરતો...!

અમારા ઘરમાં તેના બહુ જ વહાલ પૂરા થતા ક્યારેક કંઈક ખોટું કરતો કોઈના ચંપલ લઈ કરડી ખાવા, કોઈ ના હાથમાંથી ભાવતી ચીજ લઈ લેવી તો મમ્મીની ડાંટ ને ફટકાર પડતી. પપ્પા બહારગામ ગયા હોયતો કેટલાય દિવસ સુધી જમવું નહિ.એ એનો નિયમ થઈ ગયો હતો.મમ્મી સાથે એના પલંગમાં સૂઈ જવું એ એનો હક્ક હતો, તે સૂતો કે તરત જ મમ્મી તેને નીચે સૂવાડતી કે એવી નાના બાળકની જેમ એક આંખ ખોલી જોય લેતો.ત્યારે મને થતું કે કેવો મીઠડો છે.ફોટા પડાવા માટે સદા તૈયાર, મમ્મી પપ્પા ફોટો પડાવા બેસે કે તે વચ્ચે હાજર જ હોય, કેમેરા જોઈ ઉછળકૂદ શરૂ થઈ જાય. હું મોટી થતી ગઈ ને તે પણ મોટો થતો ગયો.૧૯૬૯ નો મારો અનુભવ છેકે સવારના મળસ્કે તેણે ઘરમાં આમથી તેમ દોડાદોડ શરૂ કરી દીધી હતી. હું અને મારી બેનપણી પલંગમાં વાંચતા હતા,જાણે કંઈ થવાનું છે એવા સંકેત આપતો હતો.અચાનક એક ભયંકર આંચકા સાથે આખી પૃથ્વી,ઘરો ધ્રુજવા લાગ્યા હતા,ધુળેટીનો દિવસ હતો..મારી જિંદગીનો પહેલો ભૂકંપ હતો,પણ જોયું બાળકો તે સંકેત તેને પહેલેથી જ થયો.કહેવાય છે કુદરતી આફતનો સંકેત જાનવરો ને જરૂર થઈ જતો હોય છે .

નાના ભાઈ સાથે શેરીમાં રમવા નિકળી પડતો, ભાઈના મિત્રો તેના પણ મિત્રો હતા. હું બે વર્ષ બહાર ભણવા ગઈ ત્યારે જ્યારે જ્યારે શુક્રવારે રાત્રે હું આવવાની હોઉં ત્યારે દરવાજે રાત્રે મારી રાહ જોઈ બેસી રહેતો.

મારા લગ્નમાં તૈયાર થયેલી મને જોઈ એક વેદના તેના ચહેરા પર હતી.જાણે પામી ગયો હતો કે હવે અમારી મુલાકાત નહિ જ થાય.ઘડી ઘડી મારા પગ આગળ તેનું શરીર ઘસી જતો.ઘીરો થઈ ગયો હતો..એનો સાથીદાર અમારા ઘરમાં હતો ગંગારામ પોપટ બન્નેની હરિફાઈ હતી. તેનું પિંજરૂ સાફ કરવા મમ્મી લેતી કે એ મોટી મોટી આંખો કાઢી તેને જોતો. ગંગારામ પણ એને ચીઢવવા પાંખો ફફડાવી ઉડી ને મમ્મીના ખભે સવાર થઈ જતો.તેને સાગર કહી તે બોલાવતો..તો તે ઊંચી ડોક કરી માથું ધૂણાવી ના ના નો પ્રતિકાર કરતો.

બન્નેમાં ગંગારામ મોટો હતો.હું સાસરે ગઈ ને બે ત્રણ મહિનામાં જ ગંગારામ નું દેહાંત થયું .ઘરમાં એક વ્યક્તિ ઓછી થઈ...મારી ને પપ્પાના નામની બૂમો બંધ થઈ. તે પ્રમોદ ને જયુબાઈ મીઠાસથી બોલતો.એ રાત્રે મમ્મી ખૂબ રડી હશે કારણ તે ક્યારેય મમ્મીને એકલી ફોટો પાડવા જ ન દેતો...

થોડા જ મહિનામાં સાગરની તબિયત પણ લથડી હું તો નાસિક હતી. બરાબર ચૌદમી જાન્યુઆરી ૧૯૭૮ ને દિવસે તે બ્રહ્મચારી જીવન જીવી સત્તર વર્ષની લાંબી જિંદગી એક પ્રાણી યોની માંથી તેના ભવભવના ફેરા ને પૂર્ણ કરી અમારા બધા વચ્ચેથી વિદાય થયો.આખી શેરી એની સ્મશાન યાત્રામાં જોડાય હતી.પપ્પાએ તેને થાથડીમાં બાંધી મ્યુનિસિપાલિટીની મંજૂરીથી દશાશ્વમેઘ ના ઓવારે તેને અગ્નિદાહ દીધો હતો.

કેટલાય દિવસો સુધી હું જમી નહોતી..બાળકો લાગણી જરૂર બંધાય જાય છે પણ મારૂ અંતઃકરણ આજે પણ તેના બંધનયુક્ત જીવન માટે પસ્તાય છે.મારૂ માનવું છે કે પ્રણીમાત્ર સ્વતંત્ર રીતે રહે..

આવા અનેક શ્વાન જેમકે જીંગલ,લીયો, સીંડી .મોતી.. મારી ખાસ સખી અમેરીકા રહે છે તેના પણ બે સાથીદાર મારા મિત્રઅમારા વાર્તાલાપના સાથીદાર લકી ને રોકી આવાજ પરિવારના સાથી હતા.અમારા મિત્રની પણ એક વહાલી લુસી પણ અમારા બધાની પ્યારી છે. ફરી એ બધા માટે લખીશું.

મારૂ માનો તો પ્રણી પાળો પણ તેમની સ્વતંત્રતા ન છીનવો..છૂટા ફેરવો..

આ લખવાની પ્રરણા મને **Hachi dog tell** સિનેમા જોઈ ને થઈ...તમે માનો ન માનો હું તે દિવસે સાગરને યાદ કરી ખૂબ જ રડી હતી...

જયશ્રી પટેલ
૧૮/૩/૨૦૨૦

# દેશમાં ૮૦ % કિસાનોની વસ્તી છે અને દેશનો કિસાન દુઃખી છે તેનું કારણ રાજકારણ છે : અરવિંદસિંહ રાણા


કિસાન જગત નો તાત છે. આ દેશ માં ૮૦ % કિસાનો ની વસ્તી છે અને દેશ નો કિસાન દુ:ખી છે તેનું કારણ રાજકારણ છે. આપણ ને આઝાદી મળી પરંતુ ખેડૂત ત્યાં નો ત્યાંજ છે.ગમે તેટલો મોટો ખેડૂત હશે પણ જ્યારે વાવણી ની સિઝન આવે એટલે એને વ્યાજે રૂપિયા લઇ ને જ ખેતી કરવી પડેછે.સિઝન ના કોઈ ઠેકાણા હોતા નથી કયારેક અતિવૃષ્ટિ તો ક્યારેક અનાવૃષ્ટિ આ સંજોગો માં કિસાનો ને નુકસાન જ હોય છે.દરેક સિઝન માં એકવાર તો ખેતી ફેલ જાયજ છે.અને તેમાં તેનું બિયારણ,દવા,ખાતર,મજૂરી નું નુકસાન હોયજ છે.અને બીજીવાર ફરી ખેતી ઉભી કરવા માટે ફરી એજ પ્રક્રિયામાંથી પસાર થવું પડેછે.આમ દરેક સમયે બે વાર ખર્ચ કરવો પડેછે.અને જયારે પાક ની આવક શરૂ થાય એટલે ભાવો બેસી જાય.પોષણશ્રમ ભાવો ના મળે.ખાતર બિયારણ દવા મજુરી ખર્ચ આ બધો ખર્ચ બાદ કરતાં હાથ માં કશું ન મળે એટલે છેલ્લે એને આત્મહત્યા કરવી પડે.આ વાસ્તવિકતા આજના કિસાનો ની છે.ખરેખર જો કિસાનો નો વિકાસ કરવો હોય તો આ બધી બાબતો કોઈપણ સરકાર હોય તેમને ધ્યાન માં લેવી પડશે.અત્યારે જયારે ગુજરાત સરકારે જે જાહેરાત કરી છે કે બિનખેડૂત ખેતી ની જમીન ખરીદ કરી શકશે .આ નિર્ણય કિસાનો ના હિતમાં નહી પરંતુ ઉદ્યોગપતિ ના હિત માં નિર્ણય લેવાયો છે. જે ખરેખર કિસાનો માટે મરણતોલ સાબિત થશે.આ સરકાર કિસાનો નો એકડો ભૂંસી નાખવા માંગેછે.જે ખરેખર દુઃખ ની બાબત છે.આ માટે ભારતભરમાં કિસાનો એ જાગૃત થવું પડશે.નહીં તો આવનાર પેઢી તમને માફ નહીં કરે.આવનારા વર્ષોમાં ઉદ્યોગપતિઓ આ જમીનો ખરીદશે અને જ્યાં લીલીછમ વાદી ઓ છે તેની જગ્યાએ કોંક્રિટ ના જંગલો ઉભા થશે.ફેક્ટરીઓ નાખશે અને ખેતી નું મરણ થશે.અને આપણ ને અનાજ ની અછત ઉભી થશે.અને એકસો ત્રીસ કરોડ ની વસ્તી ને અનાજ કેવી રીતે પૂરું થશે, આ એક વિચારવા જેવો પ્રશ્ન છે.અને આપણે કટોરો લઇ ને બીજા દેશો પાસે ભીખ માંગવી પડશે.આ દિવસો હવે દૂર નથી.અગાઉ ના દિવસો માં આ બાબત ને લઈને દરેક તાલુકા જિલ્લા કક્ષાએ આંદોલનો કરવા પડશે અને છતાં પણ સરકાર આ બાબત ને ગંભીરતા થી નઈ લે તો ઘર્ષણ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.એક તો ભારે વરસાદ ને લઈને કિસાનો ની ખેતી બરબાદ થઇ ગઈ છે અને ખેતી માં પાક ના ઠેકાણા નથી અને બીજી તરફ સરકાર પડતા પર પાટુ મારી રહી છે.હવે આપણો દેશ સરમુખત્યાર શાહી તરફ આગળ વધી રહ્યો છે.લોકશાહી નું ખૂન થઈ રહ્યું છે અને દેશની જનતા હાથ પર હાથ રાખી ને બેઠી બેઠી તમાશો જોઈ રહી છે.જાગો નહી તો આપણે ફરી ગુલામી માં ધકેલી જઈસુ.તો આવો આપણે સૌભેગા મળી કિસાનો નું રાજ પાછું લાવીએ.આ દેશ ના પ્રધાનમંત્રી થી લઇ ગામ ના સરપંચ પણ કિસાન હોય તેવી આઝાદી લાવીએ.કિસાનો જ કિસાનો ની વેદના સમજી શકશે નહીં તો સંસદ અને વિધાનસભા માં બેઠેલા માંડ ૧૦% કિસાનો હશે.જેઓ કિસાનો ની વેદના અને પ્રશ્નો ઉઠાવવામાં અસમર્થ છે.તો આવો આપણે આપણી આઝાદી ફરી પાછા લાવીએ.ક્રમશ..... અરવિંદસિંહ રાણા .અધ્યક્ષ ,રાષ્ટ્રીય કિસાન વિકાસ સંઘ. (અખિલભારત)

# ભારતીય કિસાન સંઘ દ્વારા સિધ્ધપુર મામલતદારને આવેદનપત્ર અપાયું



સિધ્ધપુર મામલતદાર કચેરી ખાતે ગુરુવારે ભારતીય કિસાન સંઘના તરફથી સિધ્ધપુર તાલુકાના પ્રમુખ અને હોદ્દેદાર દ્વારા મામલતદાર સિધ્ધપુર અતિવૃષ્ટિના કારણે પાક નુકસાનીનો સરવે કરી સહાય આપવા રજૂઆત કરાઈ હતી ભારતીય કિસાન સંઘના પ્રમુખ જે.એમ.પટેલ ના જણાવ્યા પ્રમાણે ચાલુ સાલે ચોમાસા દરમ્યાન અનિયમિત હતી વરસાદે જરૂરિયાત કરતા પાકને વધુ પ્રમાણમાં નુકસાન કરેલ છે ખેડૂતોએ કરેલ વાવેતર અનાજ કઠોળ બાગાયતી કપાસ દિવેલા મગફળી તલ ગવાર એમ સર્વે ખલીફા કોનો સદંતર નાશ કરે છે તેમજ જમીનનું પણ ધોવાણ થયેલ છે જેથી મુખ્યમંત્રી ખેડૂત સહાય યોજનામાં સિધ્ધપુર તાલુકાના સમગ્ર ખેડુતોનો સમાવેશ કરી નિયમાનુસાર સહાય આપવા આવેદનપત્રમાં વિનંતી કરાઇ છે.

# સરસ્વતી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ ગાંધીનગર ખાતે શિક્ષક દિવસ ઉજવાયો




સરસ્વતી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ ગાંધીનગર ખાતે આ વર્ષે શિક્ષક દિનની ઉજવણી કોરોના રોગચાળાની પરિસ્થિતિને કારણે ૦૪ સપ્ટેમ્બર ૨૦૨૦ ના રોજ સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા ઝૂમ ક્લાઉડ મીટિંગ એપ્લિકેશન પર ઓનલાઇન યોજવામાં આવી હતી. શિક્ષક દિવસના શિક્ષણની જવાબદારી વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહભેર લેવામાં આવી હતી. આ દિવસની ઉજવણીમાં સંસ્થાના ૧૫ થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સવારે ૯:૩૦ થી વાગ્યાથી સાંજ ૦૩:૩૦ વાગ્યા સુધીના નક્કી કરેલા સમયપત્રક મુજબ ભાગ લીધેલ વિદ્યાર્થીઓ દ્વારા તેમના ઘરેથી ઝૂમ અને ગૂગલ મીટ જેવા ઓનલાઇન માધ્યમ થી લેકચર તથા પ્રેક્ટીકલ લેવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓનું અગાઉ નક્કી કરેલા માપદંડોથી સ્ટાફ દ્વારા તેમની શિક્ષણ પદ્ધતિનું સર્વાંગી મૂલ્યાંકન કરીને ભાગ લેનાર શ્રેષ્ઠ શિક્ષકોની સંસ્થા દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ભણકારા, નવેમ્બર માસના અંતે ચૂંટણી યોજવાની શકયતાઓ

ગાંધીનગર,તા.૦૪

સૂત્રો તરફથી મળતી માહિતી પ્રમાણે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ઈવીએમ મશીનની પણ તપાસ શરૂ કરવામાં આવી છે. ચકાસણી કર્યા બાદ ઈવીએમ મશીન બરાબર કાર્યરત છે કે નહીં તે અંગે પણ રિપોર્ટ તૈયાર કરવામાં આવશે અને ત્યારબાદ મતદાન પ્રક્રિયામાં ઈવીએમ મશીન મુકવામાં આવશે જ્યારે મત ગણતરી દરમિયાન કોવિડ ૧૯ને ધ્યાનમાં લઈને પણ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ભણકારાઉલ્લેખનીય છે કે રાજ્યના શહેરી વિકાસ વિભાગ દ્વારા મહાનગર પાલિકાના આસપાસના વિસ્તારોને મહાનગરમાં સમાવી લેવામાં આવ્યાં હતાં ત્યારે હવે રાજ્ય ચૂંટણીપંચ દ્વારા તમામ વિસ્તારોને ધ્યાનમાં લઈને નવા સીમાંકનની પ્રાથમિક જાહેરાત પણ કરવામાં આવી છે. આ ઉપરાંત નવા સીમાંકનને લઈને બેઠકમાં કઈ રીતનો ફરક પડશે અને કેટલી બેઠકો રીઝલ્ટમાં રાખવામાં આવશે તે અંગેની પણ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સીમાંકન નોટિફિકેશન દ્વારા ઉલ્લેખ કર્યો છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર, વડોદરા જેવા કોર્પોરેશન વિસ્તારમાં વધારો કરવામાં આવ્યો છે જ્યારે નગરપાલિકાઓના વિસ્તારમાં પણ વધારો થયો હોવાનું પણ સીમાંકન નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે.

## મોડાસામાં ૨ લોકો કોરોનાગ્રસ્ત

# અરાવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ ધીરે ધીરે ફૂંફાડો મારી રહ્યું છે વધુ ૭ લોકો કોરોનાનો શિકાર

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં થોડા દિવસ માટે નબળો પડેલો કોરોના વાયરસ ફરીથી સક્રિય થયો હોય તેમ સતત કોરોના પોઝેટીવ દર્દીઓ નોંધાતા આરોગ્ય તંત્રમાં ભારે દોડધામ મચી છે જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ જળવાતું નથી બીજીબાજુ કોરોનાના કેસ ગ્રામ્ય વિસ્તારોમાં વધુ બહાર આવતા આગામી સમયમાં આરોગ્યતંત્ર અને વહીવટીતંત્ર ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાને પ્રસરતો અટકાવવા ભારે પરસેવો પડાવી શકે છે

અરવલ્લીમાં ઓગસ્ટના પ્રારંભ થી જ કોરોનાના કેસો માં ઘટાડો નોંધાયો હતો.ત્યારે જિલ્લામાં શનિવારના રોજ કોરોના વિસ્ફોટ થયા બાદ રવિવારે પણ વધુ ૭ કોરોના પોઝેટીવ દર્દીઓ નોંધાતા લોકો ચિંતીત બન્યા છે ગ્રામ્ય વિસ્તારોમાં સતત નોંધાઈ રહેલા કોરોનાગ્રસ્ત દર્દીઓને પગલે કોરોનાગ્રસ્ત દર્દીઓ મળી આવેલ ગામડાઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે મોડાસા શહેરમાં બે,તાલુકામાં-૧ અને માલપુર તાલુકા-૨ અને ધનસુરા -બાયડમાં એક કોરોનાગ્રસ્ત દર્દીઓ મળી આવ્યા છે.

## પાટીલજી આપ પહેલા
# તમારા ધારાસભ્યોને ઓળખી બતાવો પછી ૧૮૨ બેઠકો જીતવાની શેખી મારજો:જયરાજસિંહ

સી.આર.ભાઈ , નરેન્દ્રભાઈ સુરતમાં આવી હજારો કાર્યકરોની હાજરીમા મંચ પર તમારી તરફ આંગળી કરી પુછે કે

× તમારૂ નામ શું ? ઓકે , સી.આર.ભ્ઈ ...સંસદસભ્ય ને ! ..× એવું કહે તો તમને કેવુ લાગે ?

એક પ્રદેશના સંગઠન પ્રમુખ તેમના જ ધારાસભ્યને ઓળખતા ના હોય એ પ્રમુખની ખામી જ ગણાય...સામાન્ય રીતે પ્રદેશ પ્રમુખ પદે પહોંચો એ પહેલા ઓછા માં ઓછા લાખેક કાર્યકર્તાઓને આપોઆપ ઓળખતા થઈ જવાય પરંતુ પાટીલજીતો ધારાસભ્યને પણ ઓળખતા નથી એ આશ્ચર્યજનક કહેવાય અને કોઈકની ચિઠ્ઠીથી ચડી બેઠા હોય એવું લાગે પણ ખેર આ એમનો વિષય છે. પણ એમના જ ધારાસભ્યશ્રી શશિકાન્તભાઈ પંડ્યાની તો એમના મતવિસ્તારમાં આબરૂની ધૂળ ધાણી કરી નાખી.

સભામાં હાજર કાર્યકરોમાં એવો ગણગણાટ ચોક્કસ હશે જ કે શશિકાંત પંડ્યા, કેસરીસિહ અને નૌકાબેનને જ પાટીલજી ઓળખતા નથી તો એ આપણને શુ પક્ષમાં સ્થાન અપાવી શકવાના ? ધારાસભ્યે જ પાટીલને ઓળખાણ આપવી પડતી હોય તો કાર્યકરે કમલમમાં કેવી રીતે પગ મુકવો ?

ધારાસભ્યની કાપો તો લોહી ના નીકળે એવી સ્થિતિ ઉભી કરીને ૧૮૨ બેઠકો જીતવાનો ટાર્ગેટ વધારે પડતો નથી ?

એવુ નથી ને કે મોટાભાઈ ૧૫૦ નો આંકડો આપતા એટલે એમની જગ્યા ભરવાની હોડમાં તમે ૧૮૨ નો આંકડો લાવ્યા છો ?

પાટીલજી સ્વભાવે પોલીટીકલ કરતા પોલીસ વધારે દેખાય છે. પોલીસ ચોકીમાં થતો વ્યવહાર થતો હોય એવુ ભાજપ વાળાને લાગતુ જ હશે , પણ બીચ્ચારા કરે શુ ? × બોલ શુ નામ છે ? ધારાસભ્ય છે ? આ મતલબ નો ટોન પોલીસ પાટીલ નો સંભળાય છે .× હુ બોલુ છુ ને...તમારે બોલવાની જરૂર નથી × એવુ ભાજપ પ્રવક્તાને કહેતા હોય ત્યારે એક પોલીસ વાળો ગુનેગાર ને × હુ પુછુ એટલુ જ બોલવાનું , વધારે લવારી નહી કરવાની × એવુ કહેતો હોય તેવુ દ્રશ્ય આંખ સામે ઉભુ થાય.

ખેર, શિસ્તના નામે સ્વમાન ગુમાવવાની સહનશીલતા ભાજપના હોદ્દેદારો ક્યા સુધી દાખવે છે તે જોવુ રહ્યુ...

જયરાજસિંહ પરમાર
પ્રવક્તા- ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
#jayrajkuvar

## અતિવૃષ્ટિ ને કારણે ખેડૂતોની પાયમાલી ની હકીકત જાણી સરકાર માં રજુઆત કરવાની આપી ખાત્રી
# કેશોદ તાલુકાના અસરગ્રસ્ત ઘેડ વિસ્તારમાં રૂબરૂમાં મુલાકાત લેતાં પરેશભાઈ ધાનાણી

કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

કેશોદ તાલુકાના ઘેડ પંથકના વિસ્તારમાં અતિવૃષ્ટિ ને કારણે ખેતરોમાં પાણી ભરાઈ જતાં થયેલી નુકસાની ની રૂબરૂમાં સમસ્યાઓ જાણવાં ગુજરાત વિધાનસભા નાં વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણી સવારથી પ્રવાસે આવ્યાં હતાં. કેશોદ તાલુકાના બામણાસા, સરોડ, અખોદર,પંચાળા, બાલાગામ ગામની મુલાકાત લીધી હતી અને ખેડૂતો આગેવાનો નાં પ્રશ્નો સાંભળ્યા હતાં. કેશોદ તાલુકાના ઘેડ વિસ્તારમાં પસાર થતી નદીઓમાં ઓઝત નદી,સાબળી નદી, મધુવંતી નદી,ઉબેણ નદી, ઉતાવળીયો નદી અને ટીલોળી નદી પસાર થતી હોય ત્યારે ઉપરવાસમાં પડેલા ભારે વરસાદથી અને ડેમના દરવાજા ખોલવામાં આવતાં હોય જેથી ઘોડાપુર આવતાં ખેડૂતો નાં ખેતરોમાં પાણી ફરી વળતાં ઉભાં પાકને નુક્સાન થાય છે. આ વર્ષે દર વર્ષ કરતાં વધુ ૧૫૮% વરસાદ પડવાની સાથે પાળાઓ તુટી જવાથી નદી કાંઠાના વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા. કેશોદના ઘેડ પંથકના નદી કિનારે આવેલા ખેતરોમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ઘુસી જતા ખેતપેદાશો અને માલ ઢોરની નુકસાની થયેલી છે. ગુજરાત વિધાનસભા નાં વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણી સાથે પ્રવાસમાં ધારાસભ્યો ભીખાભાઈ જોષી, પુંજાભાઈ વંશ બાબુભાઈ વાજા સહિત જીલ્લા પંચાયત સભ્યો, પદાધિકારીઓ અને કાર્યકરો જોડાયા હતાં. કેશોદ તાલુકાના ઘેડ પંથકના ખેડૂતો નાં પ્રશ્નો અને સમસ્યાઓ જાણીને કોગ્રેસી આગેવાનો પદાધિકારીઓ દ્વારા આવનારાં દિવસોમાં મળનારા વિધાનસભા સત્ર માં રજૂ કરી સરકાર પાસે જવાબ માંગવાની ખાત્રી આપી હતી. ઘેડ પંથકના ખેડૂતો ને પોતાના માલ ઢોર માટે ચારાની પ્રાથમિક જરૂરિયાત અને તુટી ગયેલા પાળા બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે તો



જ ખરીફ પાક લઈ શકાય એવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. રાજકીય આગેવાનો દ્વારા સત્વરે નુકસાની ની રકમ ચુકવવા અને ઘટતી સુવિધાઓ આપવા માટે જરૂર પડે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની તૈયારી દર્શાવી હતી. કેશોદ તાલુકાના સરોડ ગામે પાણીમાં ફસાયેલા આઘેડ ને સમયસર સારવાર ન મળતાં મૃત્યુ પામેલા હતાં એ પરિવાર ની મુલાકાત ગુજરાત વિધાનસભા નાં વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણી એ લીધી હતી અને સાંત્વના આપી હતી. પાંચ પાંચ દિવસ થી પુર નાં પાણી ઉતરી જવા છતાં જવાબદાર તંત્ર દ્વારા મૃતક આઘેડ પરિવારની ખબર અંતર સુધ્ધાં ન પુછતાં સરોડ નાં રહીશો એ રોષ ઠાલવ્યો હતો. કેશોદના ઘેડ પંથકના વિસ્તારમાં ચોમાસામાં પાણી ભરાઈ જવાનાં કાયમી ધોરણે ઉકેલ લાવવા ઓઝત નદી અને સાબળી નદી પરનાં ડેમ ની ઊંચાઈ વધારવા ઉપરાંત બામણાસા ગામે થી આગળ નાં ભાગે ઓઝત નદી અને ઉતાવળીયો નદી,ટીલોળી નદી, મધુવંતી નદી અને ઉબેણ નદી નાં વહેણમાં દબાણો દૂર કરી પહોળી અને ઉંડી કરવામાં આવે તો જ ચોમાસામાં જળબંબાકારની સ્થિતિ સર્જાતી અટકી શકે એવો સુર ઘેડ પંથકના ખેડૂતો દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. કેશોદના ઘેડ પંથકના અમુક ખેતરોમાં પાણી ફરી વળતાં ની સાથે રેતી ઘુસી જતા ખેડૂતો બેહાલ બની ગયાં છે. કેશોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં જીલ્લા પંચાયત હસ્તકના તુટી ગયેલાં રસ્તાઓ વહેલાસર બનાવવામાં આવે તો વાહનચાલકો ને આવવા જવા માટે પડતી મુશ્કેલીઓ નો પણ અંત આવી શકે એમ છે. ગુજરાત વિધાનસભા નાં વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણી અને ધારાસભ્યો દ્વારા સરકાર સમક્ષ કેટલી અસરકારક રજૂઆત કરવામાં આવશે એ તો આવનારાં દિવસોમાં જ ખબર પડશે. આ વર્ષે પડેલાં વરસાદને કારણે અતિવૃષ્ટિ જેવી સ્થિતિ સર્જાઈ છે ત્યારે આવનારાં દિવસોમાં યોજાનારી સ્થાનિક તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ની ચુંટણી માં મહત્વનો મુદ્દો બને તો નવાઈ નહી.

## મુખ્યમંત્રીને લખ્યો પત્ર તંત્રના ઈશારે અસંતુષ્ટ લોકો હુમલો કરે તેવી દહેશત
# બાયડના કોંગ્રેસના ધારાસભ્ય જશુ પટેલ અને પરિવાર પર જીવનું જોખમ...!!

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

બાયડ-માલપુરના ધારાસભ્ય જશુ ભાઈ પટેલ તેમના મત વિસ્તારમાં ખુબ બહોળી લોકચાહના ધરાવે છે છેલ્લા કેટલાક સમયથી ધારાસભ્ય જશુ પટેલે તેમના મત વિસ્તારમાં વિકાસના કામો અને વિકાસના કામો અંગે તંત્રમાં આક્રમક રજુઆત કરતા અને પ્રજાની સમસ્યા નું નિરાકરણ લાવવા તંત્ર સામે બાથ ભીડી રહ્યા હોવાથી તંત્રના ઈશારે કેટલાક અસંતુષ્ટ લોકો હુમલો કરવાની ભીતી હોવાનું જણાવી મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી તેમના અથવા તેમના પરિવારના સભ્યો સાથે કોઈ પણ જાતનો અનિચ્છનીય બનાવ



બને તો તંત્રની જવાબદારી રહેશ તો આ અંગે યોગ્ય વ્યવસ્થા કરવા માંગ કરી છે

છેલ્લા બે દિવસથી બાયડ કોંગ્રેસના ધારાસભ્ય જશુભાઈ પટેલે વિકાસના કામો અને ભ્રષ્ટાચાર સામે બાયો ચઢાવી છે બુધવારે જીલ્લા કલેકટર સામે કેબિનમાં બેસી રજુઆત કર્યા પછી યોગ્ય જવાબ ન મળતા કલેકટર કચેરીમાં શર્ટ ઉતારી અને રામધુન બોલવી હતી અને ગુરુવારે મોડાસા ચાર રસ્તા ખાતે પણ ધરણા યોજાતા વહીવટી તંત્રની ભારે બદનામી થઈ રહી છે ધારાસભ્ય જશુ ભાઈ પટેલે મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી તેમની અને તેમના પરિવાર પર જીવનું જોખમ હોવાનું અને તંત્રના ઈશારે અસંતુષ્ટ લોકો દ્વારા હુમલો કરાવી શકે છે અને મારા કે મારા પરિવાર સાથે કોઈ પણ પ્રકારનો ઉમલો થશે તો જવાબદારી તંત્ર ની રહેશેનું જણાવી તેમની અને પરિવારની સલામતી માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા માંગ કરી હતી

# વલસાડ જિલ્લામાં ભારે ગાજ વીજ સાથે વરસાદ વીજ પડતા એકનું મોત ત્રણને ઈજા પોહચી

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના ખૂટલી ગામે ખૂટલી ગામના કામળ ફળીયામાં મિથુનભાઈ ના પરિવાર ઘર નજીકમાં સાવરના ઝાડ નીચે કપડા ધોઈ રહ્યા હતા તે વખતે અચાનક ઝાડ પર વીજળી પડતા નીચે ઉભેલા પરીવાર ને ઝપેટમાં લઈ લેતા એકનું મોત થયું હતું અને ત્રણ ને ઈજા પહોંચી હતી સાવરના ઝાડ નીચે હવાડી ઉપર કપડા ધોતા પરીવાર પર વીજળી પડતા એકનું મોત અને માસૂમ બાળકો દાઝી જતા ૧૦૮ મારફતે નાનાપોઢા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં ખસેડવામાં આવ્યા હતા.

દિવસ દરમિયાન કપરાડા તાલુકામાં સવારથી જ બપોર સુધી ભારે બફરા બાદ અચાનક વાતાવરણમાં પલટો આવતા ત્રણ વાગે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો જોત જોતામાં વરસાદનો એક ઝાપટું ધોધમાર આવ્યું હતું અને તેની સાથે ધડાકા ભરે વીજળી ખૂટલી ગામના કામળ ફળીયામાં મિથુનભાઈનું પરીવાર ગરમીમાં સાવરના ઝાડ નીચે કપડા ધોઈ રહ્યા હતા તે વખતે અચાનક ઝાડ પર વીજળી પડતા નીચે ઉભેલા પરીવાર ને ઝપેટમાં લઈ લેતા એકનું મોત થયું હતું અને ત્રણ ને ઈજા પહોંચી હતી સ્થાનિક લોકો ઘટના સ્થળ ઉપર ધસી જઈ ને ૧૦૮ મારફતે નાનાપોઢા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.કપરાડા તાલુકામાં સવારથી બપોર સુધી ભારે ગરમાટો બાદ ત્રણ કલાકે અચાનક વાતાવરણમાં પલ્ટો આવી જતા જોત જોતામાં ધડાકા ભડાકા સાથે વરસાદ તૂટી પડયો હતો અને ગાજવીજ સાથે વીજળી સાથે ખૂટલી ગામના કામળ ફળીયામાં બપોરે ૩.૧૫ કલાકે સાવરના ઝાડ નીચે હવાડી ઉપર કપડા ધોઈ રહેલા મિથુનભાઈ ગમનભાઈ ઓઝરીયા ઉંમર ૩૫ વર્ષ તેના આખા પરીવાર ઉપર ધડાકા ભરે વીજળી પડતા મિથુનભાઈ સારવાર મળે તે પહેલાં જ મૃત્યુ થયું હતું જ્યારે તેની પત્ની આસાબેન મિથુનભાઈ ઓઝરીયા ઉંમર ૩૧ વર્ષ પુત્રી હિતીક્ષાકુમારી ૭ વર્ષ પુત્ર ધ્રુવીનકુમાર ૪.૫ વર્ષ તેઓને વીજળીના જોરદાર ઝટકા લાગ્યા હતા તમામ ને નાનાપોઢા ખાતે ૧૦૮ મારફતે સારવાર અર્થે લઈ આવ્યા હતા

# ગુજરાત પ્રદેશ ભાજપ નવ નિયુક્ત પ્રમુખ પાટીલનં પાટણમાં ભવ્ય સ્વાગત કરાયું



ઐતિહાસિક નગરી પાટણમાં પ્રથમવાર પધારેલા ગુજરાત ભાજપના નવ નિયુક્ત પ્રમુખ સીઆર પાટીલ નું ઉમળકાથી સ્વાગત કરાયું હતું ગુજરાત ભમણના બીજા તબક્કામાં ઉત્તર ગુજરાત વિસ્તારના પ્રવાસે નીકળેલા પ્રદેશ ભાજપ પ્રમુખ સવારે યાત્રાધામ અંબાજીના દર્શન કરીને તેમના પ્રવાસનો શુભારંભ કર્યા બાદ સાંજે પાટણ આવ્યા હતા માર્ગ માં કોઈટા સહિતના ગામો ખાતે તેમનું સ્વાગત કરાયું હતું અને પાટણના શિહોરી ત્રણ રસ્તા ટીબી સર્કલથી યુનિવર્સિટી રાજમહેલ રોડ રેલવે સ્ટેશન રોડ બગવાડા દરવાજા ખાતેથી તેમની કાર રેલી પસાર થઇ બજાર માર્ગમાં પ્રવેશી હતી જ્યાંથી હિંગળાચાચર ,દોશીવટ,

મદારસા કનસડા દરવાજાથી મોતીસા દરવાજા સાંઈબાબા મંદિર કુણઘેર હારિજ ત્રણરસ્તા થઈ નિયત સ્થળે પહોંચ્યા હતા જયાં કાર્યકર્તાઓ સાથે બેઠક યોજી હતી બગવાડા દરવાજા ખાતે ભાજપના કાર્યકરો દ્વારા ફટાકડા ફોડીને પાર્ટી પ્રમુખને આવકારવામાં આવ્યા હતા પ્રદેશ ભાજપ પ્રમુખના પાટણ પ્રવાસ દરમિયાન કેબિનેટ મંત્રી દિલીપજી ઠાકોર મંત્રી વાસણભાઈ આહિર પ્રદેશ મહામંત્રી કે સી પટેલ ભીખુભાઈ દલસાણીયા ગોરધન ઝડફિયા તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલ , પાટણ નગર પાલિકા પૂર્વ પ્રમુખ હેમંત તન્ના , પાટણ નગર પાલિકા કોર્પોરેટર મનોજ પટેલ , પૂર્વ કોર્પોરેટર તેમજ લાયન્સ કલબના અગ્રણી એમ જે પટેલ , પાટણ ભાજપના કોષાધ્યક્ષ સતીશભાઈ ઠક્કર , ભાજપ અગ્રણી તેમજ સાંતલપુરના પૂર્વ અગ્રણી કાર્યકર સીસી ઠક્કર પાટણ શહેર ભાજપ પ્રમુખ કિશોરભાઈ મહેશ્વરી , પાટણ નાગરિક બેંકના ચેરમેન સુરેશભાઈ સી પટેલ એક્સપેરિમેન્ટલ હાઈસ્કૂલના આચાર્ય ધનરાજભાઈ ઠક્કર , એમ.એન.હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય તેમજ પ્રેરણા સ્કૂલના ટ્રસ્ટી ચંદ્રકાંતભાઈ પટેલ તેમજ પાર્ટીના આગેવાનો જોડાયા હતા

# કેશોદના માણેકવાડા ગામે સામાજિક સંસ્થાઓ દ્વારા દવા છંટકાવ કરી રોગમુક્ત બનાવ્યું..

કેશોદ:(રાજુભાઈ પંડ્યા) સૌરાષ્ટ્રમાં છેલ્લાં દિવસોમાં અવિરતપણે પડેલાં વરસાદને કારણે અતિવૃષ્ટિ જેવી સ્થિતિ સર્જાઈ છે અને લગભગ દરેક ડેમો માં પાણીની આવક વધી જતાં ડેમના દરવાજા ખોલવામાં આવ્યા હતાં જેનાં કારણે નદી કિનારે આવેલા ખેતરોમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતાં. કેશોદના માણેકવાડા ગામે પણ ઠેર ઠેર પાણી ભરાવા ઉપરાંત કાદવ કીચડ થતાં પાણીજન્ય રોગચાળામાં ગામવાસીઓ સપડાઈને જીવલેણ રોગથી પીડિત બને એ પહેલાં જ સમગ્ર ગામમાં સામાજિક સંસ્થાઓ દ્વારા દવા છંટકાવ કરી રોગમુક્ત બનાવ્યું હતું. કેશોદના માણેકવાડા ગામે ગ્રામ આરોગ્ય સંજીવની સમિતિ અને જય મુરલીધર ગ્રુપ દ્વારા માણેકવાડા ગામે દરેક શેરીઓમાં દવા છંટકાવ કરવામાં આવેલ અને રહીશો ને જાહેરમાં ગંદકી ન ફેલાવવા સમજણ આપવામાં આવી હતી. કેશોદ તાલુકાના માણેકવાડા ગામે ગ્રામ આરોગ્ય સંજીવની સમિતિ અને જય મુરલીધર ગ્રુપ નાં આરોગ્ય કર્મચારી કૌશિકભાઈ દેવાણી, કાનભાઈ વીરડા,નાજાભાઈ કુવાડીયા, વિપુલભાઈ કાનગડ અને પ્રવિણભાઈ ગઢવી દ્વારા જહેમત ઉઠાવી સમગ્ર ગામમાં સુંદર પ્રવૃત્તિ કરી હતી. જય મુરલીધર ગ્રુપ નાં કાનભાઈ વિરડા અને ટીમ દ્વારા આ વિસ્તારમાં જરૂરતમંદ દર્દીઓ ને સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવે છે અને આ અવિરતપણે ચાલતી સેવાકીય પ્રવૃતિઓ ની સાથે સાથે શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે અને માણેકવાડા ગામવાસીઓ દ્વારા ઉત્સાહભેર સહકાર આપવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં કોરોના મહામારી કાબુમાં લેવા માટે ગંભીરતાથી પગલાં ભરવામાં આવે છે ત્યારે કેશોદના માણેકવાડા ગામે સામાજિક સંસ્થાઓ દ્વારા દવા છંટકાવ કરી પાણીજન્ય રોગચાળામાં રોગમુક્ત બનાવવા માટે કરેલી સરાહનીય કામગીરી અન્ય લોકોને દિશાસૂચક અને પ્રેરણાદાયક બની છે.




માલપુર બાયડ ના ધારાસભ્ય ધ્વારા કરવામાં આવતા કાળા કરતૂતો અને સરકાર સામે ખોટા આક્ષેપો ની સાચી તપાસ માટે આજે કલેકટરશ્રી ને ભાજપ ના કાર્યકર્તા ઓ સાથે આવેદન પત્ર આપવા માં આવ્યું અને સાચી માહિતી જનતા સમક્ષ પહોંચે તેની રજુઆત કરવા માં આવી.

## જેના નામ ઉપરથી મેઘરજ નામ પડયું એવા
# મેઘાઈ માતાજીના મંદિરે ભજનના તાલે ઝૂમી ઉઠતા આબાલવૃદ્ધ ભાવિકો માતાજીના ગુણગાન ગાતા ઉમટ્યા

મોટી ઈસરોલ, તા.૪

અરવલ્લી જિલ્લામાં આવેલ મેઘરજ તાલુકા મથક એક સમયે જયારે એક સાધારણ ગામડું હતું ત્યારે અહીં આ ગામની રક્ષા કરનાર મેઘાઈ માતાજી પ્રત્યે વડવાઓને અપાર શ્રદ્ધા હોઈ માતાજી એ જમાનામાં આ ગામની રક્ષા કરી હતી અને મેઘાઈ માતાજીની કૃપા આજે ય સૌના ઉપર છે ત્યારે એ સમયે મેઘાઈ માતાજીના નામ ઉપરથી આજનું આ તાલુકા મથકનું નામ મેઘરજ પડ્યું હતું.એમ બાઠીવાડાના રહીશ,સામાજિક અને રાજકીય આગેવાન એવા ધર્મ અને માતાજી પ્રત્યે અપાર શ્રદ્ધા ધરાવતા ભીખાજી દુધાજી ડામોરે જણાવ્યું હતું.



જયાં મેઘાઈ માતાજીનું સુંદર મંદિર આ અગેવાન ભીખાજી ડામોરની રાહબરી હેઠળ નિર્માણ પામ્યું છે જયાં આજરોજ બાઠીવાડા ગામેથી અંદાજે દોઢ-બે હજાર ભાવિકો હાથમાં માતાજીની ધજા સાથે ગરબા અને ભજનની રમઝટ બોલાવતા પગપાળા મેઘાઈ માતાજીના મંદિરે પહોંચ્યા હતા.આબાલવૃદ્ધ સૌ કોઈ ઉમંગે ઉત્સાહે ઉમટી પડ્યા હતા અને ભજન મંડળીઓ પણ જોડાઈ હતી.સૌ નાચી-ઝૂમી ઉઠ્યા હતા.

ત્યારે માહોલ ભક્તિમય અને ભાવવહી બની ગયો હતો. અંદાજે બે હજાર ભાવિકોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તમામ ભક્તો માટે ભોજન મહાપ્રસાદ ની પણ વ્યવસ્થા કરવામાં આવી હોવાનું ભીખાજી ડામોરે જણાવ્યું હતું.

# રૂપપુરા ગામના યુવાને જન્મદિનને સેવાદિન તરીકે ઉજવ્યો...



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

છેલ્લા ઘણા સમયથી રૂપપુરા ગામના યુવાન હાર્દિક ચૌધરી જન્મ દિનને સેવા દિન તરીકે ઉજવતો આવ્યો છે અને આજે પણ આ યુવાને જન્મદિન નિમિતે ગુજરાત પ્રદેશ ભાજપના માનનીય અધ્યક્ષ સી આર પાટીલ ના જણાવ્યા અનુસાર રૂપપુરા મુકામે ૫ વિધવા માતાઓને સરકાર શ્રીની વિધવા સહાય યોજના નો લાભ અપાવ્યો તથા ૫ પરિવારીને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાનો લાભ અપાવ્યો અને એમનું ત્રણ વર્ષનું પ્રીમિયમ પણ ભરવાની જવાબદારી હાર્દિક ચૌધરી એ લીધી હતી.

અગાઉ પણ આ યુવાને જન્મ દિનના દિવસે પાલનપુર વડીલ વૃધ્ધા શ્રમ માં જઈને વડીલો આથે આખો દિવસ વિતાવ્યો અને સાથે ભોજન પણ લીધું આ યુવાન પોતાના જન્મદિનની નિમિતે અવાર નવાર લોકોને અલગ અલગ રીતે લાભદાયી થતો હોય અને આ રીતે અલગ અલગ રીતે સેવા ના કર્યો કરતો હોય છે..

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.